**સુવિચાર**

''પહેલા આપણે ટેવ પાડીએ છીએ, પછીથી ટેવ આપણને પાડે છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૧૨/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર સુદ-૧૨ વર્ષ : ૧૬ અંક : ૨૯૬

## ખેડૂતો માટે છાંયડો, પીવાનું શુધ્ધ પાણી કે અન્ય સગવડ અપાતી નથી

# અમરેલીમાં ટેકાના ભાવે ખરીદીમાં સુવિધાઓનો અભાવ

**૩૫ કિલો પેકિંગમાં ૭૬૭ ગ્રામ વજનને બદલે બારદાનનું વજન ૯૦૦ ગ્રામ સુધી ગણવામાં આવતું હોવાનો આક્ષેપ**

**જવાબદાર અધિકારીઓને સુવિધા હોય અને ખેડૂતો પરેશાન થાય તે વ્યાજબી નથી**

**ખેડૂતો પાસેથી થતી ટેકાનાં ભાવે ખરીદીમાં સુવિધા અને પારદર્શિતા લાવવાની માંગ ઉભી થઈ**

**માર્કેટયાર્ડનાં પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાએ પણ ખેડૂતોને સુવિધા આપવા માંગ કરી**



અમરેલી, તા. ૧

અમરેલી માર્કેટ યાર્ડ ખાતે હાલ મગફળીનું ટેકાના ભાવે ખરીદી કાર્ય ચાલુ છે, પરંતુ ખેડૂતો માટેની મૂળ ભૂત સુવિધાઓનો ગંભીર અભાવ સામે આવી રહ્યો છે. અધિકારીઓ માટે છાંયો અને બેસવાની વ્યવસ્થા સુલભ છે જયારે બીજી જગ્યાએ જયાં મગફળીનો વજન થાય છે ત્યાં ખેડૂતો તડકામાં કલાકો સુધી વારો જોઈને તકલીફો સહન કરી રહ્યા છે. માર્કેટ યાર્ડમાં સોયાબીન અને મગફળીની ખરીદી પ્રક્રિયા એક જ કોમ્પ્યુટર પરથી થાય છે, જેના કારણે બિલ બનાવવામાં મોડું પડે છે અને ખેડૂતોને બીજા દિવસે પણ ધક્કા ખાવા પડે છે. ઉપરાંત મગફળી જોખાય અને બારદાન ભરાય તે સ્થળે પીવાનું શુદ્ધ પાણી, બાથરૂમ અને છાંયાનો પણ અભાવ છે, જેના કારણે ખેતીકારોને વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સરકાર દ્વારા ૩૫ કિલો મગફળીનું સત્તાવાર વજન ૭૬૭ ગ્રામ સાથે નક્કી છે, પરંતુ સ્થળ પર ખેડૂતો પાસેથી ૩૫ કિલો સામે ૯૦૦ ગ્રામ સુધીનું વજન લેવાના ગંભીર આક્ષેપો ઉઠયા છે. નક્કી કરતાં વધારે વજન લેવાતા

અનુસંધાન પાના ૬ ઉપર

### રાહતદરે અમેરિકા લઈ જવાની લાલચ આપી

## અમરેલીનાં ૬૫ વર્ષિય મહિલા સાથે રૂપિયા ૨.૪૦ લાખની છેતરપીંડી કરાઈ

**સ્વામી મંદિરમાં સેવા કરતાં કૌશિક મીસ્ત્રી વિરૂધ્ધ ફરિયાદ**

અમરેલી, તા. ૧

અમરેલીમાં રોજબરોજ વિસઘાત અને છેતરપીંડીના બનાવો બની રહયાં છે. ગઈકાલે એક મહિલા તબીબ સાથે ઓનલાઈન છેતરપીંડીની ફરિયાદ નોંધાયા બાદ આજે વધુ એક સમાજમાં સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલ અને નિવૃત્ત જીવન ગુજારતા મહિલાને સસ્તા ભાવમાં અમેરિકાની ટુરમાં લઈ જવા બાબતે અમરેલીમાં આવેલ ગાંધીબાગ પાસે આવેલ સ્વામીનારાયણ મંદિરમાં આશરે છ મહિના સેવા કરતા હોય તેમજ છ મહિના અમેરીકા ખાતે રહેતા ઈસમે મહિલાને લલચાવી રૂપિયા ૨,૨૪,૦૦૦ની છેતરપીંડી કરેલ હોવા અંગે અમરેલી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં પોલીસ

અનુસંધાન પાના ૬ ઉપર

### દીકરા અને દીકરી એક સમાન હોવાનુ સાર્થક થયું

## બગસરાનાં નગરસેવકનું અવસાન થતાં દીકરી અને ભત્રીજીએ કાંધ આપી

**શહેરીજનોએ પણ પ્રેરણારૂપ ઘટના ગણાવી**



બગસરા, તા. ૧


બગસરા નટવર નગર વિસ્તારના પાલિકાના સદસ્ય ભરતભાઈ મનજીભાઈ પાથર (ઉંમર વર્ષ ૫૮) એ ટૂંકી બીમારીના લીધે ચીર વિદાય લીધી હતી ત્યારે પોતાની લોક ચાહનાના લીધે શહેરના લોકો તેમની અંતિમ યાત્રામાં ખુબ મોટી સંખ્યામાં જોડાયા હતા. ત્યારે તેમને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે તેમ છતાં દીકરીએ તેમની અંતિમ યાત્રામાં કાંધ આપી હતી. અને લોકોએ દીકરા અને દીકરીઓ વચ્ચે ભેદભાવ ના રાખવો દીકરી કે દીકરો એક સમાન ગણવા તેવું ગણાવી તેમના ભાઈની દીકરી અને તેમની દીકરીએ કાંધ આપી હતી.

### ભેંસને કતલખાના લઈ જવાતી હોય ગૌપ્રેમીઓ દ્વારા બચાવી લેવાઈ

## અમરેલી બાયપાસ ચોકડી નજીકથી ભેંસ ભરેલ ટ્રકને ઝડપી લેવાયો

**સિટી પોલીસની સાથે રહીને કાર્યવાહી કરાઈ**





અમરેલી, તા.૧

અમરેલી ગૌપ્રેમી લોકોને બાતમી મળેલ કે ટ્રકમાં ભેંસ ભરીને કતલખાને લઈ જવામાં આવે છે તેના આધારે અમરેલીના બાયપાસ ચોકડી પાસે ઉભાં હોય ત્યારે એક ટ્રક નં. જી.જે.-૧૮ એયુ-૯૯૭૬ ૯૯૭૬ ને તપાસ કરતાં તેમાં ભેંસ ભરેલ હોય જેથી સીટી પોલીસને જાણ કરતાં સીટી પોલીસે આવી કાર્યવાહી હાથ ધરેલ હતી.

આ બનાવમાં શીહોર ગામે રહેતા સોહિલ રફીકભાઈ લાખાણી, વિજયભાઈ ધિરૂભાઈ વાઘેલા તથા સાવરકુંડલા ગામે રહેતાં ઈલીયાસભાઈ કલ્યાણી કતલ કરવાના ઈરાદે, પોતાના હવાલાવાળા ટ્રક જેના રજી. નંબર જીજે-૧૮-એયુ-૯૯૭૬ ૯૯૭૬ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦ માં ભેસ જીવ નંગ ૧૧ ની કિમત રૂપિયા ૨,૭૫,૦૦૦ ના ટ્રકમાં અત્યંત ટુંકી દોરીથી ખીચોખીચ હલન ચલન ન કરી શકે તે રીતે અત્યંત ક્રુરતા પુર્વક (ગોંધી) રાખી કતલ કરવાના ઈરાદે લઈ જઈ હોય તેના સામે પશુ પ્રત્યે ઘાતકી પણ અટકાવવાનો અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧(૧) (એ) (ડી) (ઈ) (એફ) (એસ) તથા ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ની કલમ-૫૪ મુજબ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાંથી મોટા પ્રમાણમાં પશુધન કતલખાને ધકેલાતું હોય ત્યારે બે દિવસ પહેલાં લાઠી પોલીસે ઘેટાં બકરાં ભરેલ ટ્રક પકડી પાડયા બાદ આજે વહેલી સવારે અમરેલીના બાયપાસ રોડ ઉપર ટ્રક ઝડપાય જતાં ચકચાર મચી જવાં પામેલ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,16,800/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૧/૧૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
ઈનામોની વણઝાર
રૂા. ૧૦,૦૦૦ કે તેથી વધુ સોના-ચાંદીનાદાગીનાની ખરીદી કરો અને મેળવોલાખોની ઈનામો જીતવાની તક...
તા. ૦૧ જુન ૨૦૨૫ થી તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી
63 56 56 00 00
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
MO.96018 98981

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં સ્પેશ્યાલિસ્ટ વિઝિટિંગ ડોકટરો
તા.૦૭/૧૨/૨૦૨૫ - રવિવાર, સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦
ડો. ઉત્સવ ડી. ઉનડકટ : ઈનટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ હૃદયરોગ નિષ્ણાંત
તા.૦૭/૧૨/૨૦૨૫ - રવિવાર, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડો. કોમલ ઉનડકટ : ઈનફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ સ્ત્રી રોગ અને વ્યંધ્યત્વનાં નિષ્ણાંત
તા.૦૩/૧૨/૨૦૨૫ - બુધવાર, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડો. સાગર લાલણી : પેડિયાટ્રિક ન્યુરોલોજીસ્ટ બાળકોના મગજના રોગો,આંચકી,ખેંચના નિષ્ણાંત
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા

स्वादीष्ट और पौष्टीक आहार के लिए
नारायण मुंगफली तेल
GROUNDNUT OIL
મગફળીનું 100% શુદ્ધ સીંગતેલ
બારેમાસ ભરવા માટે શ્રેષ્ઠ
નારાયણ સોલવેક્ષ : ભાવનગર રોડ, એચ.પી.પેટ્રોલ પંપ સામે, અમરેલી. મો. 98244 29044

## ગ્રામ પંચાયતથી લઈને દેશની સૌથી મોટી પંચાયત લોકસભાની ચૂંટણીમાં પેનલ ન હોય

# પાલિકાની ચૂંટણીમાં એક વોર્ડમાં ૪ ઉમેદવારોની પેનલ શુ કામ ?

**આગામી વર્ષે પાલિકા અને મહાપાલિકાની ચૂંટણી યોજાવાની હોય જેટલા નગરસેવક હોય તેટલા વોર્ડ બનાવવા જરૂરી**

**શહેરી મતદારોને એકી સાથે ૪-૪ પ્રતિનિધિ મળતાં હોય કોને કામ સોંપવું ને કોને ન સોંપવુ તે સમજાતુ નથી**

**જે–તે વોર્ડનાં મતદારોની સુવિધા વધારવા માટે કોઈ એક વ્યક્તિને જવાબદારી મળે તે જરૂરી છે**

**ક્યાં કારણોસર શહેરી જનતાને ૪–૪ મત આપવા પડે છે તે સમજાતુ નથી**

અમરેલી, તા. ૧

સમગ્ર દેશમાં ગ્રામ પંચાયતથી લઈને દેશની સૌથી મોટી પંચાયત ગણાતી લોકસભાની ચૂંટણીમાં એક ઉમેદવારોને જ મત આપવાનો છે. તો રાજયની નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીમાં શહેરીજનોને કયાં કારણોસર ૪–૪ મત આપવા પડે છે અને કયાં કારણોસર એકી સાથે ૪–૪ ઉમેદવારોની પેનલ ચૂંટણી મેદાનમાં ઉતરતી હોય છે તે સમજાતું નથી.

પાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીમાં જેટલા વોર્ડ હોય તેટલા જ ઉમેદવારો વિજેતા થવા જોઈએ તેને બદલે એક વોર્ડમાં મતદારોને ૪–૪ મત આપવા પડે છે અને એકી સાથે ૪–૪ ઉમેદવારો વિજેતા થતાં હોય છે અને કોઈ મતદારને પ્રાથમિક સુવિધા અંગે કામ પડે તો ૪ માંથી કયાં જનપ્રતિનિધિની મદદ લેવી તે સમજાતુ નથી તેમજ કોઈ વોર્ડમાં સુવિધા મળતી ન હોય તો ૪ માંથી કયાં નગરસેવકની જવાબદારી નકકી કરવી તે સમજાતુ નથી.

આગામી વર્ષે અમરેલી–સાવરકુંડલા સહિતની રાજયની અનેક નગરપાલિકાઓ, અનેક મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણી યોજાવાની હોય રાજયનાં ચૂંટણી વિભાગે તમામ પાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીમાં જેટલા વોર્ડ હોય તેટલા ઉમેદવારો અથવા જેટલા ઉમેદવારો હોય તેટલા વોર્ડની રચના કરીને શહેરી મતદારોને ૪–૪ મત આપવાની ઝંઝાળ માંથી મુકિત અપાવવી જોઈએ તેવી માંગ શહેરી મતદારો કરી રહ્યા છે.

---

### એક ગામથી બીજા ગામ જવામાં પરેશાની

## લીલીયા મોટાનાં કલ્યાણપુરથી મોટા ચારોડીયા સુધીનો માર્ગ અતિ બિસ્માર

**ગામના અગ્રણીએ ઉચ્ચકક્ષાએ પત્ર પાઠવ્યો**

લીલીયા, તા. ૫૧

લીલીયા તાલુકાના કલ્યાણપર ગામથી ગારીયાધાર તાલુકાના મોટા ચારોડીયા ગામ સુધીનો રસ્તો ખૂબ જ બિસ્માર હાલતમાં છે.



તે બનાવવા ગામ અગ્રણી અશ્વિનભાઈ બલર સહિત ગ્રામજનોએ તા. ૩૦/૭/૨૦૨૫ના રોજ માર્ગ અને મકાન વિભાગ અમરેલી જિલ્લા પંચાયતમાં રજૂઆત કરેલ. ત્યારબાદ સ્થાનિક સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા એ તા. ૨૬/૮/૨૦૨૫ના રોજ રજૂઆત કરેલ અને ત્યારબાદ આ પ્રશ્ન તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ઓગસ્ટ ૨૦૨૫માં પણ રજૂઆત કરવામાં આવેલ છે. તેમજ કલ્યાણપર ગ્રામ સભામાં પણ ઠરાવ કરી મુખ્યમંત્રી ગ્રામ્ય સડક યોજના હેઠળ નવો માર્ગ બનાવવા માંગણી કરેલ છે.

વર્તમાનમાં આ રસ્તો બિસ્માર હોવાના કારણે ગામમાં સરકારી બસના અવર–જવરના પણ પ્રશ્નો ઉપસ્થિત થયેલ છે. જેના કારણે સ્થાનિક ગ્રામજનોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. હવે આ સમસ્યાના ઉકેલ માટે ગ્રામજનોએ મુખ્યપ્રધાનને યોગ્ય પગલાં ભરવા રજૂઆત કરેલ છે. તેમ મનોજ જોષીની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

### મુસાફરોમાં નારાજગીનો માહોલ

## બગસરા–વડિયા–રાજકોટ રૂટની બસ સેવા અનિયમિત

**વિકાસ સમિતિ દ્વારા રજુઆત કરાઈ**

બગસરા, તા. ૧

બગસરાથી શરૂ થઈ ને છેવાડાના તાલુકા મથક એવા વડિયા ને રાજકોટ સાથે જોડતા બસ રૂટ બગસરા વડિયા રાજકોટ રૂટની બસસેવા સવારે ૬:૩૦ કલાકે ભૂતકાળમાં શરૂ હતું. તે હાલ અનિયમિત બની છે તો કયારેક બંધ કરી આપવામાં આવે છે. આ બસસેવા બગસરાથી વડિયા વચ્ચે આવતા ગામડાના વિદ્યાર્થીઓ, વડિયાથી ગોંડલ, શાપર અને રાજકોટ જતા વિદ્યાર્થીઓ, કારખાનામાં કામ કરતા લોકો, દર્દીઓ, ઓફિસ કામે જતા લોકો સહીત મુસાફરો માટે ખુબ જ મહત્વના સમયનો રૂટ હતો. જે રૂટમાં પૂરતો ટ્રાફિક પણ મળતો હોવાથી આ બસસેવા ફરી ચાલુ કરવા વડિયા વિકાસ સમિતિના પ્રમુખ જુનેદ ડોડીયા દ્વારા વડિયા વિકાસ સમિતિના લેટર પેડ પર એસ.ટી. વિભાગના ડી.ટી.ઓ.ને પત્ર લખીને લેખિતમાં માંગણી કરવામાં આવી છે. જેમા સાથે આ બસસેવાનો લાભ લેતા લોકોની સહી સાથે તેના મોબાઈલ નંબર પણ જોડવામાં આવ્યા છે. આ માંગણી સાથે એવુ પણ જણાવવામાં આવ્યુ છે. આવનાર સમયમાં આ બસસેવા શરૂ નહિ કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. લોકોની સેવા માટે બનેલું જીએસઆરટીસી હવે લોકોની વાત સાંભળી આ બસસેવા ફરી પૂર્વવ્રત કરશે કે નહિ તે તો આવનારો સમય જ બતાવશે.

---

### રેલ્વે અધિકારી સાથે નિરીક્ષણ કર્યુ

## સાવરકુંડલા શહેરને ફાટક મુકત બનાવવા ધારાસભ્યની દોડધામ

**શહેરીજનોનો સમય અને પેટ્રોલ બચાવવા અભિયાન**

સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા શહેરમાં રેલ્વે વિભાગને લગતા જરૂરી પ્રશ્નોના ઝડપી ઉકેલ અને જનહિતના મુદ્દાઓને પ્રાથમિકતા આપવા માટે આજે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ રેલ્વે અધિકારીઓ સાથે સ્થળ પર વિસ્તૃત નિરીક્ષણ કર્યું. શહેરના વિકાસ તથા નાગરિકોની સુવિધા અને સુરક્ષાને કેન્દ્રમાં રાખીને વિવિધ સ્થળોએ પ્રબંધકીય સમીક્ષા કરવામાં આવી.



સાવરકુંડલાને ફાટક મુકત શહેર બનાવવા માટેના લાંબા ગાળાના હેતુ સાથે ધારાસભ્યએ મહુવા રોડ માર્કેટિંગ યાર્ડ, જેસર રોડ ફાટક સહિતના મુખ્ય સ્થળોની મુલાકાત લીધી અને ફાટક પાસે આવેલ અંડરબ્રિજને વધુ પહોળા કરવાની અગત્યની જરૂરિયાત અંગે અધિકારીઓને સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું. વાહન વ્યવહારની લાંબી કતારો, ટ્રાફિક અવરજવર અને મુસાફરોની સલામતીને ધ્યાનમાં રાખીને અંડરબ્રિજનું વિસ્તરણ શહેર માટે અત્યંત અગત્યનું હોવાનું તેમણે જણાવ્યું.

ધારાસભ્યએ રેલ્વે વિભાગને જરૂરી ટેકનિકલ આયોજન ત્વરિત હાથ ધરવા જણાવ્યું અને નાગરિકોને વધુ સુવિધાજનક, સુરક્ષિત અને ઝડપી વાહન વ્યવહાર ઉપલબ્ધ કરાવવા માટે તમામ સંભવિત પ્રયાસોને વેગ આપવા સૂચના આપી.

શહેરના વિકાસ કાર્યોમાં કોઈપણ પ્રકારનો વિલંબ ન થાય અને લોકોની સમસ્યાઓનો ઝડપથી ઉકેલ મળે તે માટે રેલ્વે તંત્ર તથા સ્થાનિક પ્રશાસન સાથે સતત સંકલન કરવાની પ્રતિબદ્ધતા ધારાસભ્યએ વ્યકત કરી.

આ મેરથોન બેઠકના રેલ્વે વિભાગના અધિકારીઓ તેમજ સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહા.

---

### મહિલા સરપંચે ચૂંટણી અધિકારીને પત્ર પાઠવ્યો

## અમરેલીના દેવળીયા ગામને નવા નામ દેવભૂમિ દેવળીયા તરીકેની ઓળખ આપો

**મતદાર કાર્ડ, તાલુકા પંચાયત બેઠકમાં જુનુ નામ ચાલે છે**

અમરેલી, તા. ૧

અમરેલીનાં દેવભૂમિ દેવળીયા ગામના સરપંચ ભાવનાબેન સુખડીયાએ જિલ્લા ચુંટણી અધિકારીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગુજરાત રાજયના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ભારત સરકારના આદેશ મુજબ દેવળીયા ગામનું નામ જાહેર નામુ બહાર પાડી દેવભૂમિ દેવળીયા તરીકે નવુ નામ આપવામાં આવેલ છે. અને ઘણા ખરા વિભાગોમાં સાધનિક ડોકયુમેન્ટમાં દેવભૂમિ દેવળીયા તરીકે લખવામાં આવે છે. આવી જ રીતે ચુંટણી પંચ દ્વારા દેવભુમિ દેવળીયા તરીકે પોતાના મતદાર યાદી ચુંટણી કાર્ડમાં ફેરફાર કરવામાં આવેલ હોય જેથી ગામના મતદારોને નવા ચુંટણી કાર્ડ કાઢી આપવા સબંધીત વિભાગને જાણ કરવા તેમજ તાલુકા પંચાયત અમરેલીની સીટ દેવળીયા તરીકે ઓળખાતી જેનું હમણાં જ સીટોનું જાહેરનામુ આવેલ તેમાં દેવળીયા લખેલ છે. જેને હવે દેવભુમિ દેવળીયા તાલુકા સીટ તરીકે ફેરફાર કરવા અંતમાં માંગ કરેલ છે.

---


**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241



**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


---

### ધારાસભ્ય મહેશ કસવાલાની જહેમતથી

## અરે વાહ : સાવરકુંડલાનાં એસ.ટી. વિભાગમાં નવી ૫ બસ સેવાનો પ્રારંભ

**મુસાફરો આરામદાયક મુસાફરી કરી શકશે**



સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા–લીલીયા વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન અને સક્રિય પ્રયાસોના ફળસ્વરૂપે આજે સાવરકુંડલા એસ.ટી. વિભાગમાં નવી ૫ (પાંચ) બસોનો વિધિવત્ શુભારંભ કરવામાં આવ્યો.

ધારાસભ્યના માર્ગદર્શન અને સુચના મુજબ આ બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ નવી બસ સેવાઓ શરૂ થવાથી મુખ્યત્વે લાંબા રૂટમાં મુસાફરી કરતા નાગરિકોને અગાઉની સરખામણીમાં મોટી રાહત અને પરિવહનની ઉત્તમ સુવિધા પ્રાપ્ત થશે. આ આધુનિક બસો દ્વારા મુસાફરી વધુ સરળ, સુરક્ષિત અને આરામદાયક બનશે, જેનાથી પ્રવાસીઓના સમય અને શક્તિની બચત થશે. લાંબા સમયથી નવી બસોની જરૂરિયાત અનુભવી રહેલા સ્થાનિક મુસાફરોમાં આ જાહેરાતને પગલે ખુશીની લહેર વ્યાપી ગઈ છે.

નવી બસોના શુભારંભ પ્રસંગે સાવરકુંડલા એસ.ટી. વિભાગના અધિકારીઓ, તેમજ ભારતીય જનતા પાર્ટીના શહેર અને તાલુકા સંગઠનના હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં સાવરકુંડલા શહેરના જાગૃત નાગરિકો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ ધારાસભ્યના જનલક્ષી અભિગમને ઉજાગર કરે છે.

---

### તાલુકા પંચાયતની ખેતીવાડી શાખા દ્વારા

## કૃષિ રાહત પેકેજની સહાય ચૂકવવા માટે રાત દિવસ પરિશ્રમ

**ખેડૂતોને ઝડપથી સહાય કરવા કવાયત**

અમરેલી, તા. ૧

તાજેતરમાં થયેલ કમોસમી વરસાદના પગલે અનેક ખેડૂતોને પાક નુકશાની થઈ હતી, જે અંતર્ગત ગુજરાત સરકાર રૂા. ૧૦ હજાર કરોડનું રાહત પેકેજ જાહેર કર્યુ છે. આ અન્વયે હાલ અરજી પ્રક્રિયા શરૂ છે.

અમરેલી તાલુકા પંચાયત હેઠળની ખેતીવાડી શાખા દ્વારા રાત દિવસ સતત કામગીરી કરવામાં આવી રહી છે. કામગીરી સત્વરે પૂર્ણ કરવા માટે ખેતીવાડી શાખાના અધિકારી–કર્મચારીઓ સતત પ્રયત્નશીલ રહીને ફરજરત છે. તેમ અમરેલી તાલુકા પંચાયત વિસ્તરણ અધિકારી (ખેતી)ની એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

---

### રાજયનાં ઉર્જામંત્રી કૌશિક વેકરીયા દ્વારા

## વડિયાનાં તોરી–ચુડા માર્ગનાં નવિનીકરણ કાર્યનો થયો પ્રારંભ

**સ્થાનિક આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા**



વડિયા, તા. ૧

ધારાસભ્ય અને ગુજરાત સરકારના કાયદા અને ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરીયાએ અમરેલી–વડિયા–કુંકાવાવ વિધાનસભા બેઠક હેઠળના વડિયાના તોરી ગામે કરોડો રૂપિયાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યુ છે. આ અંતર્ગત લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા અને લોકોની મુખ્ય માંગણી સમાન તોરીથી ચુડા જવાના મુખ્ય માર્ગના નવનિર્માણનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

તોરીથી ચુડાને જોડતો આ મુખ્ય માર્ગ અત્યંત જર્જરિત હાલતમાં હતો. જેના કારણે સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકોને અમરેલી જિલ્લા માથી જૂનાગઢ જિલ્લા તરફ અવરજવર કરવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. આ માર્ગના નિર્માણ માટે લોકો દ્વારા સતત રજૂઆતો કરવામાં આવી રહી હતી.

આ માર્ગ બનવાથી તોરી અને ચુડા સહિત આસપાસના અનેક ગામોના લોકોને સરળ અને સુવિધાજનક અવરજવરની સગવડ મળશે. આનાથી સમય અને ઈંધણની બચત થશે તેમજ પ્રવાસ વધુ સુરક્ષિત બનશે.

---


**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



**આંબાનો બગીચો વેચવાનો છે.**

ધારીથી માત્ર ૫ કિલોમીટર દુર...
ધારી–અમરેલી રોડ ઉપર કુલ–૨૧ વીઘા

આંબા - ૧૩૦૦ (૮ વર્ષના) + ૭૦૦ (૪ વર્ષના) = ૨૦૦૦ (ટોટલ આંબા)

રાવણા - ચીકુ - લીંબુડી - નાળીયેરી | ૨૦ HP/ ૧૫ HP નાં ૨(બે) કનેકશન

૭૫૦ ફુટના ૨ (બે) બોર | ૧૫ વીઘામાં જીણીનેટ બાંધેલ

મજુરો માટે ૨ (બે) પતરાની રૂમો

સંપર્ક મો. ૯૬૩૮૪ ૫૨૩૩૩



**શું તમને સાંભળવાની તકલીફ છે ?**

- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે

સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

**અવતાર** સ્પીચ અને હિયરીંગ કિલનીક

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

## સજ્જનોનું રક્ષણ કરવા અને સમાજનાં અનિષ્ટો વિરૂધ્ધ ગાંડીવ ઉપાડવાનો ભગવત્ ગીતા સંદેશ આપે છે

# અમરેલીમાં આસ્થાભેર ગીતા મહોત્સવ યોજાયો

**શ્રીમદ્ ભાવગત ગીતા પર વકતવ્ય અને નાટયકૃતિનાં માધ્યમથી વિદ્યાર્થીઓએ ગીતા જ્ઞાનનું ભાથુ બાંધ્યુ**

**વિદ્યાર્થીઓએ મનમોહક સાંસ્કૃતિક કૃતિ રજૂ કરવાની સાથે ગીતાનાં ૧૨ માં અધ્યાય સમૂહગાન કર્યુ**

**નકારાત્મક વિચારોથી દૂર અને સત્યની નજીક રહેવું : પૂ. રતિદાદા**

**ભગવાન શ્રી કૃષ્ણનાં કંઠે ગવાયેલ ગીતાની ૫૧૬૨ મી જયંતીની ભવ્ય ઉજવણી**



અમરેલી, તા. ૧

અમરેલીમાં ૫૧૬૨ મી ગીતા જયંતીના અવસરે જિલ્લા સ્તરીય ગીતા મહોત્સવની ઉજવણી ભારતીય જ્ઞાન, આધ્યાત્મિક અને સંસ્કૃતિનો ઉત્સવ બની રહ્યો હતો.

ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડ અને શિક્ષણ વિભાગ દ્વારા શહેરના દિલીપ સંઘાણી હોલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા અને શ્રીમદ ભગવદ ગીતા પર વકતવ્ય અને નાટયકૃતિના માધ્યમથી વિદ્યાર્થીઓએ ગીતા જ્ઞાનનું ભાથુ બાંધ્યું હતું. ઉપરાંત વિદ્યાર્થીઓએ મનમોહન સંસ્કૃતિક કૃતિ રજૂ કરવાની સાથે શ્રીમદ ભગવત ગીતાના ૧૨માં અધ્યાયનું કંઠસ્થ સમૂહગાન કર્યુ હતું.

આ પ્રસંગે ચલાલા ખાતેની સંસ્કૃત શકિત ગુરૂકુળના રતિદાદાએ અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતાં જણાવ્યું હતું કે, નકારાત્મક વિચારોથી દૂરઅને સત્યની નજીક રહેવું જોઈએ, ભગવાન શ્રી કૃષ્ણને કૌરવો સાથે કોઈ દુશ્મનાવટ ન હતી પરંતુ ધર્મ અને સત્ય પાંડવોના પક્ષે હતા, એટલે જીવનમાં ધર્મનું આચરણ કરવું, ખોટું બોલવું નહીં અને સતત સમાજ હિતના સેવા કાર્યો કરતા રહેવા જોઈએ, તેમણે એમ પણ કહ્યું કે, ધર્મને માત્ર જાણવાથી નહીં પરંતુ આચરણમાં મૂકવાથી જ કલ્યાણ થાય છે. સાથે જ દશે દિશાઓમાંથી શુભ વિચારો પ્રાપ્ત થતા રહે તેથી જ જીવન ઉન્નત બને છે.

આ પ્રસંગે શ્રીમદ ભગવત ગીતા પર જીવનલક્ષી અને વિદ્યાર્થીઓના સંદર્ભમાં વકતવ્ય આપતા અર્જુન દવેએ જણાવ્યું હતું કે, સાંપ્રત સમયની સમસ્યાઓ ઉકેલ અને વૈકિ દર્શન તથા ચેતનાના મૂળ શ્રીમદ ભગવત ગીતામાં રહેલા છે, તેમણે ગીતામાં ઉલ્લેખિત પ્રશ્નોનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, યુદ્ધના મેદાનમાં પણ અર્જુને પોતાના મનમાં રહેલી શંકાઓને દૂર કરવા ભગવાન શ્રીકૃષ્ણને પ્રશ્ન પૂછયા હતા, પ્રશ્ન પૂછવાથી જ જ્ઞાન અને સમજણમાં વૃદ્ધિ થાય છે, એટલે વિદ્યાર્થીઓએ પણ શિક્ષણ મેળવતી વખતે વિના સંકોચે સતત પ્રશ્ન પૂછવા જોઈએ અને તેના પ્રત્યુતર મળ્યા પછી અને સમજણ વિકસ્યા બાદ અટકવું ન જોઈએ. તેમણે એમ પણ કહ્યું હતું, આપણી ઉદાર સંસ્કૃતિ અને જ્ઞાન પરંપરામાં હંમેશા પ્રશ્ન પૂછવાની મોકળાશ રહી છે.

તેમણે જણાવ્યું હતું કે, સજ્જનોનું રક્ષણ કરવા અને સમાજના અનિષ્ટો વિરૂદ્ધ ગાંડીવ ઉપાડવા શ્રીમદ્ ભગવત ગીતા સંદેશ આપે છે, આમ, ધર્મને ટકાવવા અને તેના રક્ષણ માટે સ્વયંમાં કૃષ્ણત્વને જગાડવું પણ એટલું જ જરૂરી છે.

અર્જુન દવેએ રોજબરોજના અનુભવો અને શ્રીમદ ભગવત ગીતાના સંદર્ભને ટાંકતા ભોજન, પારિવારિક અને સમાજ જીવન માટેની પ્રેરક વાતો કરતા જણાવ્યું હતું કે, રાષ્ટ્ર અને સ્વયંની ઉન્નતી માટે વ્યકિતત્વ ઘડતર અને ચરિત્ર નિર્માણ ખૂબ જરૂરી છે, આ સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, સતત વિષયનું ચિંતન કરવાથી આ શકિત જન્મે છે, તેમાંથી જ ક્રમશઃ કામ, ક્રોધ, સંમોહન ઉભંસ થાય છે તેના પરિણામે સ્મૃતિ નાસ થાય છે અને અંતે બુદ્ધિનો પણ નાસ થાય છે. આમ, જીવનમાં નિરક્ષિર વિવેક કેળવવા માટે પ્રેરણા પૂરી પાડી હતી.

આ પ્રસંગે નગર શિક્ષણ સમિતિના ચેરમેન તુષાર જોશીએ પણ વિદ્યાર્થીઓને જ્ઞાનઅર્જન કરવા માટે પ્રેરણા પૂરી પાડી હતી, ઉપરાંત સંસ્કૃત ભાષાના પ્રચાર પ્રસાર માટે પણ જરૂરી આયોજન કરવામાં આવશે તેનો ઉલ્લેખ કર્યો હતો.

બ્રહ્માકુમારી સંસ્થાના કિંજલ દીદીએ પણ પ્રેરક સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગીતા જ્ઞાનને યોગના માધ્યમથી ધારણ કરી શકાય છે, ઉપરાંત પરમાત્મા સાથે એકાત્મ સાધીને જીવનના કુરૂક્ષેત્રમાં વિજય મેળવી શકાય છે.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણ અધિકારી એમ.બી. ગોહિલને સંસ્કૃત સપ્તાહ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી માટે ધાર્મિક સંસ્થાના આગેવાનોએ શાલ ઓઢાડી બહુમાન કર્યુ હતું. ઉપરાંત સંસ્કૃત સપ્તાહ દરમિયાન ત્રિ–દિવસીય કાર્યક્રમ અંતર્ગત આયોજિત વકૃત્વ, શ્લોક ગાન અને ચિત્ર સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ તકે દિપક હાઈસ્કૂલના આચાર્ય અમિતભાઈ ઉપાધ્યાયે ગુજરાત રાજય સંસ્કૃતિ બોર્ડ દ્વારા સંસ્કૃતના પ્રચાર પ્રસાર માટેની પંચકમ યોજનાઓથી માહિતગાર કર્યા હતા. સાથે જ આ કાર્યક્રમના સંચાલનની પણ બાગડોર સંભાળી હતી. અંતમાં નગર શિક્ષણ સમિતિના શાસન અધિકારી આશિષ જોષીએ આભાર વિધિ કરી હતી.

આ પ્રસંગે ગાયત્રી પરિવારના બીપીનભાઈ ભરાડ, ચલાલા સંસ્કૃત ગુરૂકુળના કેમ્પસ ડાયરેકટર મહેશભાઈ મહેતા, કાર્તિક વ્યાસ, જી.એમ. સોલંકી સહિતના મહાનુભાવો, સંસ્કૃત પ્રેમીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.




























# અમરેલી જિલ્લા મધ્યસ્થ બેન્કની મુખ્ય શાખાનાં મકાનુ થયું ભૂમિપૂજન








અમરેલી જિલ્લાની સર્વોચ્ચ સહકારી બેન્કની મુખ્ય શાખાનાં મકાનનું રાજયમંત્રી કૌશિક વેકરિયાના વરદ્ હસ્તે બેન્કનાં ચેરમેન દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં ભૂમિપૂજન કરવામાં આવ્યું. આ તકે પુર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા, ભાજપા પ્રમુખ અતુલ કાનાણી, પુર્વ ભાજપા પ્રમુખ હિરેન હિરપરા, યુવા નેતા મનીષ સંઘાણી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

## અમરેલી : ગજેરા કેમ્પસ સંચાલિત જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કુલના ખેલાડીઓએ સુવર્ણ–રજત પદક મેળવ્યા

અમરેલી, તા. ૧

અમરેલી ખેલ–મહાકુંભ જિલ્લા કક્ષાએ કબડ્ડી સ્પર્ધાનું આયોજન અમરેલી મુકામે થયેલ. જેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ સંચાલિત જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એકસેલન્સના ભાઈઓ અને બહેનોની ટીમેંએ પાર્ટિસિપેટ કરેલ હતું, જેમાં ભાઈઓની ટીમમાં ૧. ડાભી કિસ્મત ૨. લાખણોત્રા નરેશ ૩. મેર જતીન ૪. વંશ વિરાજ ૫. ઝાપડિયા આદિત્ય ૬. પરમાર કાર્તિક ૭. લાખણોત્રા ગૌતમ ૮. દાફડા અનિરૂદ્ધ ૯. ભાલીયા કિશન ૧૦. જાદવ હિતેશ ૧૧. કમેજળીયા વિવેક ૧૨. વણઝર ઉદય સુવર્ણ પદક અને બહેનોની ૧. મારડિયા જાનવી ૨. ચાવડા દ્રષ્ટિ ૩. ખરા જાનવી ૪. વાઘેલા કોમલ ૫. જોગદીયા હાર્મી ૬. ડોબરીયા જેની ૭. રાજભર કુસુમ ૮. સવનીયા તન્વી ૯. ગાબુ ભૂમિકા ૧૦. મોઢાં ભૂમિકા રજત પદક મેળવેલ. કોચના



માર્ગદર્શન અને ખેલાડીઓની અવિરત મહેનતના પરિણામે આ ગૌરવપૂર્ણ જીત મળી છે. ખેલાડીઓએ વિવિધ કેટેગરીઝમાં શ્રેષ્ઠ સ્કોર સાથે જીત મેળવી હતી. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓ તેમજ કોચને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

## ખાંભાનાં પીએસઆઈ આર.જી. ચૌહાણની બાબરા ખાતે ટ્રાન્સફર




ખાંભા, તા. ૧

અમરેલી જિલ્લાના એસ પી સંજય ખરાટ દ્વારા જિલ્લામાં પી.એસ.આઈની અરસપરસ બદલી કરવામાં આવી હતી. જેમાં ખાંભાના પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.એસ.આઈ.આર જી ચૌહાણની બાબરા ખાતે બદલી થતા ખાંભા પોલીસ સ્ટાફ અને ગામજનો દ્વારા પુષ્પગુજ તેમજ સાલ ઓઢાડી પી. એસ.આઈ આર.જી.ચૌહાણ. ભવ્ય વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો અને પોલીસ સ્ટાફ દ્વારા ફુલનો વરસાદ કરી વિદાય આપવામાં આવી હતી તેમજ ખાંભા પોલીસ સ્ટેશનના નવા પી આઈ એમ એ દેસાઈ આવકારવામાં આવ્યા હતા.

## ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ આયોજિત
## અમરેલીમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના ‘અમૃત ખેડૂત બજાર’ને સકારાત્મક પ્રતિસાદ

### પ્રાકૃતિક કૃષિ કરતાં ૯ ખેડૂતોએ મૂલ્યવર્ધિત કૃષિ ઉત્પાદનોનું પ્રદર્શન સહ વેચાણ કર્યુ



અમરેલી, તા.૧

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ (GPKVB) – અમરેલી દ્વારા “અમૃત ખેડૂત બજાર”નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ બજારમાં પ્રાકૃતિક ખેતી કરતા કુલ ૯ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને તેઓ દ્વારા વિવિધ કૃષિ પેદાશો તેમજ પ્રાકૃતિક ખેતી આધારિત મૂલ્યવર્ધિત ઉત્પાદનોનું પ્રદર્શન સહ વેચાણ કરવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લા પંચાયત ખાતે આયોજિત આ બજારમાં પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત અનાજ, શાકભાજી, દાળ, ઘઉં, તેલ, ગોળ, આચાર, દવાઓ તથા ગૌ આધારીત ઉત્પાદનો અંગે નાગરિકોમાં ખૂબ જ સારો પ્રતિસાદ જોવા મળ્યો હતો. લોકોમાં પ્રાકૃતિક અને આરોગ્યદાયક ઉત્પાદનો પ્રત્યે અપનાવા પ્રત્યેનો સકારાત્મક અભિગમ સ્પષ્ટપણે જોવા મળ્યો હતો.

આ પ્રકારના મેળાનો મુખ્ય હેતુ ખેડૂતોને સીધી માર્કેટિંગની તક ઉપલબ્ધ કરાવવાનો અને પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોને સમાજમાં પ્રોત્સાહન આપવાનો છે. આવનારા સમયમાં પણ આવા કાર્યક્રમો દ્વારા પ્રાકૃતિક ખેતીને વધુ વેગ મળશે.

## દામનગરનાં સાર્વજનિક પુસ્તકાલયમાં BAPS સંસ્થાનાં સંતોનું સ્વાગત


દામનગર, તા. ૧

દામનગર સાહિત્ય જગતની શાન મણિભાઈ સાર્વજનિક પુસ્તકાલય ખાતે BAPS સંસ્થાન નડિયાદથી વરિષ્ઠ સંતો રંગ સ્વામી તેમજ અમૃત વત્સલદાસજી પધાર્યા હતા. સૈકા જૂની સાહિત્ય સંસ્થાન પધારેલ સંતોનું સમગ્ર ટ્રસ્ટી મંડળ દ્વારા ઉષ્મા ભર્યું સ્વાગત પ્રમુખ હરજીભાઈ નારોલા, મંત્રી નટુભાઈ ભાતિયા, ભરતભાઈ ભટ્ટ, કૌશિકભાઈ બોરીચા, રાજેશભાઈ કનાડીયા, મનસુખભાઈ નારોલા, દિલીપભાઈ ભાતિયા, રજનીભાઇ ધોળકિયા, ઘનશ્યામભાઈ પરમાર, બટુકભાઈ શિયાણી, વસંતભાઈ ડોબરીયા, રાજુભાઈ ચુડાસમા, ડો મોહિતભાઈ વાઢેર, જયતિભાઈ નારોલા, અમરશીભાઈ નારોલા, સહિત અનેક અગ્રણીએ વરિષ્ઠ સંતોનો સત્કાર કર્યો હતો.



સૈકા ઓ જૂની સંસ્થાનના દરેક વિભાગોની વિશેષતાઓ જાણી ખૂબ પ્રભાવિત થતા વરિષ્ઠ સંતો રંગ સ્વામી એવમ અમૃતવત્સલ દાસજી કલાકો સુધી પુસ્તકાલય નિહાળ્યું આફરીન કરતી સુવિધાઓ વર્ષના ૩૬૫ દિવસ ખુલતી કોઈપણ લવાજમ કે શુલ્ક વગર બેનમુન વ્યવસ્થા વિષયવારી કરતાવારી સહિત અનેક પ્રકારના હજારો પુસ્તકોની વિશાલ શૃંખલા.વાચકોની સતત ચહલ પહલ નોકરી વાંચુંઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સ્ટડી રૂમ નિહાળી ખૂબ ખુશી વ્યક્ત કરી હતી. મણિભાઈ સાર્વજનિક પુસ્તકાલયને માનવ સાગરમાં ઊભી કરાયેલ દીવાદાંડી સંમાતર ગણાવી હતી. કલાકો સુધી પૂજય સંતોએ પુસ્તકાલયમાં વિતાવ્યા હતા. ખૂબ સંતોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે હજારો મહાપુરૂષોના વિચારોનો સંગ્રહ એટલે જોઈતું વરદાન આપવા સમર્થ સંસ્થાન પ્રત્યે ખૂબ આભાર વ્યક્ત કર્યો જ્ઞાન એ આકાશ છે. પુસ્તકો ચળકતા તારાઓ છે નો સુંદર સંદેશ આપ્યો હતો.

## અમરેલી : નવોદય વિદ્યાલય ખાતે સાયબર અવેરનેસમાં વિદ્યાર્થીઓમાં સજાગતા વધારવા પોલીસની કવાયત

અમરેલી, તા.૧

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા જવાહર નવોદય વિદ્યાલય – મોટા ભંડારીયા ખાતે વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ અને તેના વધતા ખતરાઓ વિશે જાગૃત કરવામાં આવ્યું. આજના ડિજિટલ યુગમાં ઈન્ટરનેટનો વધતો ઉપયોગ સાથે ઓનલાઈન ઠગાઈઓ, ફિશિંગ, હેકિંગ અને સાયબર બુલિંગ જેવા ગુનાઓમાં સતત વધારો જોવા મળે છે.એવા સમયમાં શિક્ષણ સંસ્થાઓમાં જાગૃતિ લાવવી અત્યંત જરૂરી બની છે.

પોલીસ અધિકારીઓએ વિદ્યાર્થીઓને સમજાવ્યું કે અજાણ્યા લિંકસ પર કિલક ન કરવું, ઓટીપી અને પાસવર્ડ જેવી સંવેદનશીલ માહિતી કોઈને ન આપવી, સોશિયલ મીડિયા પર વ્યક્તિગત માહિતી ઓછું શેર કરવું અને શંકાસ્પદ કાલ્સ અથવા મેસેજીસ અંગે તરત જ વાલીઓ તથા પોલીસને જાણ કરવાની જરૂર છે.

ત્યાર બાદ સાયબર સેફટી માટેના કાયદા, હેલ્પલાઈન નંબર અને સાયબર ક્રાઈમ પોર્ટલ દ્વારા ફરિયાદ કેવી રીતે કરવી તેની વિગતવાર માહિતી પણ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પણ પોલીસ અધિકારીઓને પ્રશ્નો પૂછીને માર્ગદર્શન મેળવ્યું હતું.

આવા જાગૃતિ કાર્યક્રમો દ્વારા ભવિષ્યના નાગરિકોને ડિજિટલ સુરક્ષાની સમજ મળે છે અને સાયબર ગુનાખોરી સામે સજાગ સમાજ નિર્માણનો માર્ગ ખુલ્લો થાય છે.

## યુવા બાબતો અને રમત ગમત મંત્રાલય દ્વારા
## લીલીયાનાં સલડી ગામનાં વતની ડો. કેતન કાનપરિયાની “યુથ આઈકોન” તરીકે પસંદગી

### સમગ્ર અમરેલી જિલ્લાનું ગૌરવ વધારતી ઘટના

અમરેલી, તા. ૧

ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભારતના સર્વાંગી વિકાસ માટે હંમેશા કટિબધ્ધ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ‘વિકસિત ભારત@૨૦૪૭’ ના એક નવા સંકલ્પસભર સ્વપ્નને પોતાના વિશિષ્ટ વિઝનથી ચરિતાર્થ કરવા માટે સૌ ભારતીયોને સાથે લઈને વિકાસની એક નવી સંકલ્પના રચી છે. ભારતના વિકાસમાં યુવાનોની ભૂમિકા શું હોઈ શકે ? એ વિશે વડાપ્રધાન અવારનવાર એમના પ્રવચનોમાં ઉલ્લેખ કરતા રહ્યા છે,

ત્યારે ભારત સરકારના ‘ મિનીસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોટર્સ, દિલ્હી’ દ્વારા ભારતના અલગ અલગ રાજયોમાંથી વિવિધ ક્ષેત્રમાં અસાધારણ સિદ્ધિઓ મેળવેલા પ્રતિભા સંપન્ન યુવાનોની જે તે રાજયના ‘યુથ આઈકોન’ તરીકે પસંદગી કરવામાં આવી છે. જેમાં લીલીયા તાલુકાના સલડી ગામના વતની અને ધર્મેન્દ્રસિંહજી આટર્સ કોલેજ, રાજકોટના પ્રોફેસર ડો. કેતન કાનપરિયાની ગુજરાત રાજયના ‘યુથ આઈકોન’ તરીકે પસંદગી કરવામાં આવી છે. એક સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલા અને અપાર સંઘર્ષમાંથી પસાર થઈને પોતાની ઉજજવળ કારકિર્દી ઘડનારા ડો. કેતન કાનપરિયા સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓ માટે પ્રેરણસ્ત્રોત તથા ગુજરાતની યુવા પેઢીના એક રોલ મોડેલ



તરીકે સુખ્યાત છે. ડો. કેતન કાનપરિયાએ સાહિત્ય અને શિક્ષણ એમ બંને ક્ષેત્રમાં ખૂબ જ નાની ઉંમરમાં અનેક સિધ્ધિઓ મેળવીને અમરેલી જિલ્લાને રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ ઘણી વખત બહુમાન અપાવ્યું છે. આ પૂર્વે જાન્યુઆરી–૨૦૨૫ માં ભારત મંડપમ, દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલ ‘વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ – ૨૦૨૫’માં ડો. કેતન કાનપરિયાની પસંદગી થઈ હતી

આ ઉપરાંત નરેન્દ્રભાઈ મોદીના માનસસંતાન (BRAIN CHILD) તરીકે શરૂ થનાર SOUL ‘ સ્કૂલ ઓફ અલ્ટીમેટ લીડરશીપ’ નામની ઈન્ટરનેશનલ લેવલની સંસ્થાના સ્થાપનકાળે દિલ્હી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સમગ્ર ભારતમાંથી પસંદ થયેલા ૨૦૦ યુવાનોમાં ગુજરાત રાજયના ડેલિગેટ તરીકે પણ ડો. કેતન કાનપરિયાની પસંદગી થઈ હતી. હવે ભારત સરકારના ‘મિનીસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોટર્સ, દિલ્હી’ દ્વારા ડો. કેતન કાનપરિયાની ગુજરાત રાજયના ‘યુથ આઈકોન’ તરીકે પસંદગી થતા તેમની યશકલગીમાં વધુ એક પીંછુ ઉમેરાયું છે. હવે ‘મિનીસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોટર્સ, દિલ્હી’ દ્વારા ગુજરાતની દરેક યુનિવર્સિટીઓમાં આયોજિત થનારા કાર્યક્રમ ‘વિકસિત ભારત યુથ કનેકટ પ્રોગ્રામ’માં ડો. કેતન કાનપરિયા ગુજરાત રાજયના ‘યુથ આઈકોન’ તરીકે ગુજરાતના યુવા–વિદ્યાર્થીઓ સમક્ષ ‘વિકસિત ભારત@૨૦૪૭’ના રોડમેપ બાબતે, વિવિધ ક્ષેત્રમાં થયેલી ભારતની પ્રગતિના સંદર્ભો સાથે તથા સમગ્ર વિશ્વમાં હાલની ભારતની વૈશ્વિક પ્રતિષ્ઠા વિશે વાત કરશે. ડો. કેતન કાનપરિયાની વર્ષ ૨૦૨૫ માં ‘વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ – ૨૦૨૫’માં ગુજરાત રાજયના પાથબ્રેકર તથા સ્પેશ્યલ એટેન્ડી તરીકે, SOUL ‘સ્કૂલ ઓફ અલ્ટિમેટ લીડરશીપ કોન્કલેવ – ૨૦૨૫’માં ગુજરાત રાજયના ડેલિગેટ તરીકે અને હવે ગુજરાત રાજયના ‘યુથ આઈકોન’ તરીકે એમ નેશનલ લેવલથી આ ત્રીજી વખત પસંદગી કરવામાં આવી હોવાથી ડો. કેતન કાનપરિયા ઉપર ચોતરફથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## અમરેલી ખેડૂત તાલીમ કેન્દ્ર દ્વારા કૌશલ્ય વિકાસ માટે શેરિંગ ફોલો–અપ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૧

ખેડૂત તાલીમ કેન્દ્ર – અમરેલી દ્વારા કૃષિ ક્ષેત્રે કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત શેરિંગ ફોલો–અપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખેડૂતોને તેમની ખેતીમાં મેળવેલા અનુભવ અને સફળ તા–અસફળતાના વર્તમાન પરિસ્થિતિઓ અંગે ચર્ચા કરવાની તક આપવામાં આવી.

આ પ્રસંગે પી.ડી.–આત્મા મહેશ ઝીડ મુખ્ય ઉપસ્થિત રહ્યા હતા તેમણે ખેડૂતોને આધુનિક ખેતી સાથે પ્રાકૃતિક ખેતીના મહત્વ પર વિસ્તૃત માર્ગદર્શન આપ્યું જમીનનું સ્વાસ્થ્ય જળ વાઈ રહે, ઉત્પાદન ખર્ચ ઘટે અને



ગુણવત્તાયુક્ત ઉત્પાદન મળી રહે તે માટે જૈવિક ઉકેલો તથા નવીન ટેકનિકો અપનાવવાની સલાહ પણ આપી.

કાર્યક્રમ દરમ્યાન ભાગ લેનારા ખેડૂતો વચ્ચે પ્રાયોગિક જ્ઞાનનું પરસ્પર વિનિમય થયો પાક સુરક્ષા, પાણી વ્યવસ્થાપન, જીવામૃત–ઘનજીવામૃતના પ્રયોગો જેવી અનેક બાબતો પર ચર્ચા થઈ.ખેડૂત તાલીમ કેન્દ્ર દ્વારા આવા કાર્યક્રમો મારફતે ખેડૂતોને સતત સહાય અને માર્ગદર્શન મળતું રહે છે, જે તેમના આવક સ્તરમાં વધારો તેમજ ટકાઉ ખેતી તરફ દોરવાનું મહત્વનું કાર્ય કરે છે. આ પહેલથી ખેડૂતોમાં નવી શક્તિ અને આત્મવિશ્વાસ નિર્માણ થયો છે, જે કૃષિ વિકાસ માટે સકારાત્મક સંકેત છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# બાબરાનાં વાંડળીયા ગામે ૪૩.૫૦ લાખનાં ખર્ચે પુર સંરક્ષણ દીવાલ બનશે

## સમગ્ર પંથકની જનતામાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૧

બાબરાના તાલુકાના સર્વાંગી વિકાસ માટે ધારાસભ્ય જનક તળાવીયાએ વાંડળીયા ગામના વર્ષો જૂના અને અત્યંત ગંભીર એવા પૂરના પ્રશ્નને કાયમી રીતે ઉકેલવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય સાથે આગળ આવ્યા છે. ગામના ભૂગોળ ીય સ્થિતિ સ્થાપકતા, નદીની નજીક સ્થિત વિસ્તાર અને વરસાદી સિઝનમાં થતા પ્રચંડ પાણીના પ્રવાહને ધ્યાનમાં રાખીને, ગામની સુરક્ષા માટે રૂ. ૪૩.૫૦ લાખના ખર્ચે ભવ્ય પુર સંરક્ષણ દિવાલના નિર્માણને સૈદ્ધાંતિક મંજૂરી જાહેર કરવામાં આવી છે.આ નિર્ણય માત્ર એક સરકારી મંજૂરી નથી, પરંતુ વાંડળીયા ગામના લોકોને મળતી એક મોટી વિાસની ભેટ છે,

જે ગામના ભાવિ વિકાસનું પાયાનું પથ્થર સાબિત થશે.રૂ. ૪૩.૫૦ લાખના બજેટ હેઠળ મજબૂત RCC સ્ટ્રકચરની દિવાલનું નિર્માણ, વરસાદી સિઝનમાં પાણીની દિશા બદલીને ગામને સુરક્ષિત કરવાની વ્યવસ્થા, નદી અને નાળાના વધતા પાણીના પ્રવાહને નિયંત્રિત રાખવા માટે તકનીકી રીતે મજબૂત ડિઝાઈન, ગ્રામ્ય વિસ્તારોની વસ્તી, ખેતીની જમીન અને પશુધનની સુરક્ષા માટે વિશેષ આયોજન, ભાવિમાં નદીકાંઠે વધુ વિકાસકારી પ્રોજેક્ટને સરળ અને સુરક્ષિત બનાવવાનું માર્ગદર્શન વાંડળીયા ગામના લોકોની આ લાંબા સમયથી બાકી રહેલી માંગને એક મજબૂત અને કાયમી ઉકેલ મળ્યો છે.

### પરશુરામ ઉપવન નજીક

# સાવરકુંડલામાં કપોળ છાત્રાલયની વિદ્યાર્થીનીઓ દ્વારા શિક્ષણેત્તર પ્રવૃતિ કરાઈ

## કાજુ, બદામ તેમજ ગાયનાં દુધનું વેચાણ કર્યુ



સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા શહેરમાં પરશુરામ ઉપવન પાસે આવેલ કપોળ કન્યા છાત્રાલયની વિદ્યાર્થીની દ્વારા ગતરોજ ગૃહ વિજ્ઞાનના ભાગરૂપે ખજૂર અને કાજુ બદામ અને મસાલા સાથેનું ગાયના દુધનું વેચાણ કરવાનો એક અનોખો પ્રયાસ કરવામાં આવેલ. આમ જીવનમાં ભણતર સાથે ગણતર પણ જરૂરી છે અને ભારતીય સંસ્કૃતિ અને પરંપરા અને સભ્યતા પ્રમાણે દિકરીઓને રાંધણ કળા ગુંથણ કળા તેમજ ગૃહઉપયોગી કાર્યો કરવાની તાલીમ પણ મળવી જોઈએ એ ઉદ્દેશ્ય સાથે કપોળ કન્યા છાત્રાલયના મેનેજમેન્ટ દ્વારા પણ આ સંદર્ભ નારી શકિતની યોગ્ય કેળવણી થાય તેવા પ્રયાસોના ભાગરૂપે અહીં છાત્રાલયના બહારના ભાગે આ વિદ્યાર્થીનીઓ દ્વારા બનાવેલ હોમ પ્રોડકટ જેવી કે સાબુ તેમજ અન્ય ગૃહઉપયોગી ચીજોનું વેચાણ માટે મૂકવા માટે પ્રયત્નશીલ છે ત્યારે ભારતીય સંસ્કૃતિની અસ્મિતા અને કાઠિયાવાડ પરંપરા મુજબ નારી શકિતના આવા કાર્યોને પ્રોત્સાહન આપવા માટે નગરજનોએ પણ સહકાર આપવો જોઈએ. આમ ગણીએ તો તંદુરસ્ત સમાજની નીંવ વધુ પરિપકૃવ બને એ માટે પણ શહેરીજનોએ આવી માનવોપયોગી પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવું આવશ્યક છે.

આજના સમાજ કે ઝોમેટો દ્વારા ઉપલબ્ધ પીઝા, બર્ગર જેવી ખાદ્ય ચીજોની સર્વિસનું પ્રમાણ ઓછું કરવા માટે અને કાઠિયાવાડી ખાન પાનને વધુ પ્રોત્સાહન મળે તે દિશામાં સૌએ સાથે મળીને પ્રયાસ કરવો જોઈએ. આ સંદર્ભ જોઈએ તો કપોળ કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓ દ્વારા શુધ્ધ ખજૂર દૂધ અને એ ગરમાગરમ ગાયનું દૂધ શરીરને પોઝીટીવ વાઈબ્રેશન આપે છે. આ ઉપરાંત આ સંસ્થાની દિકરીઓ દ્વારા ભવિષ્યમાં ગૃહ ઉદ્યોગોની વધુ ગૃહઉપયોગી ચીજ વસ્તુઓનું અભ્યાસ સાથે પ્રોડક્શન થાય એવા પ્રયાસો પણ કરવામાં આવશે. આવી પ્રવૃત્તિ નિહાળીને અહીંથી પસાર થતા સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી તથા ભાજપ ટીમ દ્વારા આવી ઉમદા પ્રવૃત્તિઓની મુલાકાત લીધી અને તેની આ પ્રવૃત્તિને બિરદાવી નગરપાલિકા દ્વારા તમામ સહયોગની ખાતરી આપી હતી. આ સંદર્ભે ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ પણ આ આર્થિક ઉત્કર્ષ સાથે મહિલા કેળ વણીના આ અભિગમને બિરદાવી કન્યા છાત્રાલયની તમામ દિકરીઓને અભિનંદન પાઠવ્યા હતા. ભવિષ્યમાં ધારાસભ્યએ તેમને તેમની કેળવણી સંદર્ભે કોઈ મુશ્કેલી કે અડચણ ન આવે તે સંદર્ભે પણ પોતે સતર્ક રહેશે એવી હૈયાધારણા આપી હતી.

અહીંથી પસાર થતી વખતે ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ આ સંસ્થાની મુલાકાત પણ લીધી અને સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે વિગત મેળવી હતી. સંસ્થાની પ્રગતિને બિરદાવી વિદ્યાર્થીનીઓને તથા સંચાલક મંડળને અભિનંદન પાઠવ્યા હતા.

આ વિસ્તારના વિકાસ માટે પણ ટૂંક સમયમાં આઈકોનિક રોડ સાથે અહીંથી થોડે દૂર સરદાર સર્કલ સાથે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું સ્થાપન કરવાનો પણ સંકલ્પ કરેલ હોય આ વિસ્તારની હવે કાયાપલટ પણ થશે એ વાત પણ નિર્વિવાદ છે. બસ થોડા વકત ઓર દો ટૂંક સમયમાં સાવરકુંડલાને પણ સુવર્ણ કુંડલા બનાવવાની ધારાસભ્ય નગરપાલિકાના સહયોગથી નેમ ધરાવે છે અને નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી પણ આ સંદર્ભે પોઝીટીવ અભિગમ ધરાવે છે. એટલે સપનાને સાકાર કરવા માટે હવે થોડા સમયની પ્રતિક્ષા છે.

## શાખાનાં પુષ્પો


૨૦૦૧નો તૃતીય વર્ષ સંઘ શિક્ષા વર્ગ નાગપુરમાં ચાલતો હતો. એક દિવસ રાત્રે બધાને સૂચના આપવામાં આવી કે આવતીકાલે સવારના સંઘસ્થાન પહેલા બધા સ્વયંસેવકો પરિસરના ફૂલછોડને એક ડોલ પાણી પીવડાવશે. સંઘના પ્રચારક શેષાદ્રીજીએ પણ આ સૂચના સાંભળી અને સવારે પાણી રેડવા ગયા. વૃદ્ધાવસ્થાને કારણે તેઓ કામ કરી શકે તેમ નહોતા તેમ છતાં, તેઓ ધીરે ધીરે જઈ રહ્યા હતા. કાર્યકર્તા બંધુઓએ તેમને જોઈ અને તેમને રોકી, પાણીની ડોલ લઈ લીધી. શેષાદ્રીજી થોડીવારમાં એક નાના ડબલામાં પાણી લઈને છોડને પીવડાવવા ગયા. ત્યારે કેટલાક કાર્યકર્તાઓએ તેમને ફરીથી રોકવાનો

સંકલન શ્રી અર્જુન ગઢિયા અમરેલી

પ્રયાસ કર્યો, ત્યારે તેઓએ કહ્યું, શું વૃદ્ધ થઈએ તો સ્વયંસેવક નથી રહેતા ?

**સોડમ :** પોતાને સોંપાયેલું કામ કોઈપણ પરિસ્થિતિમાં પૂર્ણ કરવું એ સ્વયંસેવકોનો સ્વભાવ બની જાય છે.

# ૨ ડીસેમ્બર, ''રાષ્ટ્રીય પ્રદુષણ નિયંત્રણ દિવસ''



અમરેલી, તા. ૧

પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ આપણે કુદરતી હોનારતનો સામનો કરવો પડે છે. ગ્લોબલ વોર્મિંગ, મહામારીઓ, કુદરતી આપત્તિઓ, તાપમાનનું વધવું વગેરે જેવી સમસ્યાઓ પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ થાય છે. આ સમસ્યાઓનું મૂળ તો મુખ્યત્વે પ્રદુષણ જ રહે છે. જળ, જમીન, વાયુ અને હવે તો લાઈટ અને નોઈસ પોલ્યુશન પણ એટલાં જ ચર્ચાઓમાં છે. આપણે આપણું જીવન સરળ બનાવવા માટે વિવિધ ઉપકરણોનો ઉપયોગ કરીએ છીએ. આ સાધનો આપણી જીવન શૈલી તો સુધારે છે પણ જીવન જીવવાની પદ્ધતિને વિખેરી જાય છે. આમાંથી પ્લાસ્ટિકની સમસ્યા ઘણી મોટી સમસ્યા પુરવાર થઈ છે.

પ્લાસ્ટિક એ આજની સૌથી વધુ વપરાતી સામગ્રીમાંની એક છે. આજે પ્લાસ્ટિક બેગ તાકીદની જરૂરિયાત બની ગઈ છે. તેના અનુકૂળ સ્વભાવને કારણે રોજિંદા જીવનમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે. રોજિંદી પ્રવૃત્તિઓથી સંબંધિત બધી પ્રવૃત્તિઓમાં પ્લાસ્ટિકની ભૂમિકા હોય છે. મોબાઈલ, ટીવી, ફ્રિજ, એસી, ખુરશી, ટેબલ, કમ્પ્યુટર વગેરે જેવી સંખ્યાબદ્ધ વસ્તુઓ છે જે પ્લાસ્ટિકની બનેલી હોય છે, પરંતુ પ્લાસ્ટીક એ નાશ ન થઈ શકે તેવું પ્રદૂષણ છે અને તે જમીન, પાણી અને હવાને પ્રદૂષિત કરે છે એટલે કે સમસ્ત પયાવરણને નુકસાન કરે છે. ગમે ત્યાં ફેકી દીધેલી પ્લાસ્ટીકની થેલીઓ અન્ય ખોરાકની સાથે ખાઈ જવાથી અનેક પશુઓ પણ મોતને ભેટે છે અને આ મૃત પશુઓનાં અવશેષો નાશ પામ્યા બાદ પણ પ્લાસ્ટીક જેમનું તેમ રહે છે. પ્લાસ્ટીકનો નાશ થતાં ઘણા વર્ષ લાગે છે. તેને બાળ વાથી પણ તે પયાવરણમાં ડાયોકસીન સહિત હાનિકારક વાયુઓ છોડે છે. પયાવરણ માટે ભારોભાર નુકસાનકારક એવા પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ દિનપ્રતિદિન વધી રહ્યો છે. જાગૃત નાગરિક તરીકે પયાવરણ અને આરોગ્ય માટે ખુબ જ હાનિકારક એવા પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ ટાળીને દરેક વ્યકિત પયાવરણને બચાવે તે હાલનાં ગ્લોબલ વોર્મિંગનાં સમયની માંગ છે. માટે જેમ બને એમ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ટાળીને કાપડની બનેલી થેલીઓનો જ ઉપયોગ કરવો જોઈએ. પર્યાવરણની જાળવણીમાં વૃક્ષો, જંગલો અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. વૃક્ષો કાર્બન ડાયોક્સાઈડ શોષીને પ્રાણવાયુ આપે છે. વૃક્ષારોપણ માત્ર ચોમાસામાં જ થાય એ ખ્યાલમાંથી બહાર આવીને વધુમાં વધુ વૃક્ષોનું રોપણ કરવું આવશ્યક છે. જયાં ઈલેક્ટ્રોનિક તાર પસાર થતા હોય બરાબર તેની વચ્ચે વૃક્ષો ન વાવવા જોઈએ. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં પર્ણો પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. કેટલાંક વૃક્ષોના મૂળિયાં અને પર્ણો ઔષધિ તરીકે વપરાય છે. કેટલાંક વૃક્ષોનાં પાન પડિયા–પતરાળ ાં બનાવવાના કામમાં આવે છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી ઉજ્જડ લાગે છે. ૫૦ વર્ષોમાં એક ઝાડ કુલ ૧૭.૫૦ લાખ ઓકિસજનનું ઉત્પાદન કરે છે, ૩૫ રૂપિયાના પ્રદુષણનું નિયંત્રણ, ૩ કિલો કાર્બન ડાયોક્સાઈડનું શોષણ, ૪૧ લાખ રૂપિયાના પાણીનું રીસાયકલીંગ, ૩% તાપમાનમાં ઘટાડો કરે છે. એક વયસ્ક વ્યકિત દ્વારા જીવનભર ફેલાયેલા પ્રદુષણને ૩૦૦ ઝાડ મળીને શોષી શકે છે.આ દિવસથી જ વન અને વન્યજીવો પ્રત્યે સેમાં કઢણા ઉત્પન્ન થાય તેમજ પર્યાવરણીય સંપત્તિની જાળવણી થઈ શકે જેથી પૃથ્વી પરના સર્વે જીવો સુખેથી જીવન જીવી શકે. રોજબરોજની જીંદગીમાં પર્યાવરણની જાળવણી કરવા માટે કેટલાક ઉપાયો થઈ શકે છે.

જંગલો ન કાપવા જોઈએ. વધુમાં વધુ વૃક્ષ વાવવા જોઈએ. પાણીનો બગાડ ન કરવો જોઈએ. પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળીને કાપડની થેલીઓનો ઉપયોગ કરવો જોઈએ. વીજળી, પેટ્રોલ – ડીઝલ બચાવવું જોઈએ. કુદરત સાથે સકારાત્મક સંબંધ ધરાવતી ટેક્નિક્સ તથા એસેસરીઝનો ઉપયોગ કરવો જોઈએ. જેમ કે, ખેતરમાં ફર્ટીલાઈઝરની જગ્યાએ જૈવિક ખાતરનો ઉપયોગ કરો. શાકાહાર અપનાવવું જોઈએ.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગુરૂ તેગબહાદુરને શ્રધ્ધાંજલિ પાઠવાઈ



અમરેલી, તા. ૧

શિક્ષણ અને સંસ્કાર લક્ષી કેળવણીમાં અગ્રગામી સંસ્થા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં તા. ૧/૧૨/૨૦૨૫ માગશર સુદી ૧૧ 'ગીતાજયંતી' ઉજવવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ભાગવતગીતાનું પૂજન તેમજ આરતી વિદ્યાર્થીઓ અને શિક્ષક ગણ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયાએ ગીતાનો 'કર્તવ્ય બોધ' એ વિષે પ્રેરક પ્રવચન આપ્યું હતું તેમજ સંસ્થાના બાળકોએ ગીતાજીનાં શ્લોકનું પઠન કર્યુ હતું. ગીતાનાં પ્રેરણા દાઈ પ્રસંગે શાળાના પ્રતિભાવન શિક્ષક લખાણીભાઈએ બાળકો સાથે રજુ કર્યા હતા. એકંદરે કાર્યક્રમ રસપ્રદ રહ્યો.

### નોન મિશન કલસ્ટર ધરાવતા

# અમરેલીનાં કેરિયાચાડ ગામનાં અનેક ખેડુતો પ્રાકૃતિક ખેતી તરફ વધ્યા

## આગામી સમયમાં વધુમાં વધુ ખેડુતો જોડાશે



અમરેલી, તા. ૧

અમરેલી દ્વારા તાલુકાના નોન મિશન ક્લસ્ટર ધરાવતા કેરીયાચાડ ગામે પ્રાકૃતિક ખેતી અંગે વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ તાલીમમાં આશરે ૭૦ થી ૮૦ જેટલા ખેડૂતો ઉત્સાહપૂર્વક જોડાયા અને ઝેરમુકત તથા આરોગ્યપ્રદ ખેતી તરફ આગળ વધવાની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી.તાલીમ દરમિયાન નિષ્ણાતો દ્વારા પ્રાકૃતિક ખેતીના વિજ્ઞાન આધારિત ઉપાયો, જમીનનું સ્વાસ્થ્ય જાળવવાની પદ્ધતિઓ, જિવામૃત–ઘનજીવામૃત જેવા પ્રાકૃતિક ખાતરનો ઉપયોગ તેમજ પાકની ગુણવત્તા વધારતા અને ખર્ચ ઘટાડતા ખેતી પ્રયોગો અંગે માહિતગાર કરવામાં આવ્યા. ખેડૂતોને રાસાયણિક કામ ધાતમા આવતો ખર્ચ ઘટાડીને વધુ આર્થિક ફાયદો મેળવી શકાય તેવી રીતો વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું.

ખેડૂતોમાં આ તાલીમને લગતા ઉત્સાહ સ્પષ્ટ દેખાયો હતો. ઘણા ખેડૂતોએ જણાવ્યું કે વધતા રાસાયણિક ઉપયોગથી જમીન તથા સ્વાસ્થ્ય ઉપર પડતા પ્રતિકૂળ પ્રભાવથી હવે તેઓ પ્રાકૃતિક ખેતી તરફ વળવા ઈચ્છે છે. આ તાલીમથી તેમને નવી પ્રેરણા અને ટેકનિક મળી છે.

આ કાર્યક્રમથી કેરીયાચાડ ગામે પ્રાકૃતિક ખેતીનું એક નવું અધ્યાય શરૂ થયું છે અને આગામી સમયમાં વધુ ખેડૂતો જોડાશે તેવી આશા વ્યકત કરવામાં આવી છે.

### હિન્દુ સમાજનાં ઘરે હનુમાન ચાલીશાનાં પાઠનું આયોજન

# અમરેલી જિલ્લામાં એએચપીના અધ્યક્ષ ડો.તોગડીયાના જન્મદિનની થશે ઉજવણી

## એએચપીના આગેવાનો દ્વારા તડામાર તૈયારીઓ



અમરેલી, તા.૧

અમરેલી આંતરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવિણભાઈ તોગડીયાના તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ જન્મ દિવસની ઉજવણી કરવામાં આવશે સૌરાષ્ટ્ર પ્રાંતમાં દરેક જિલ્લા તેમજ તાલુકા શહેર ગામમાં દરેક હિન્દુના ઘરે હનુમાન ચાલીસા પાઠ કરાવવામાં આવશે. સીતર હજાર ઘરમાં હનુમાન ચાલીશા પાઠ કરાવવામાં આવશે હિન્દુ હૃદય સમ્રાટ ડો.તોગડીયાએ વર્ષ સૌથી ઘરબાર છોડી હિન્દુ ધર્મ હિન્દુ સંસ્કીત રક્ષાનું કપરૂં કાર્ય કરી રહયા છે.


પ્રયાગ કુંભમાં એક કરોડ હિન્દુ સનાતનની ભોજન પ્રસાદની વ્યવસ્થા ઠંડી એક લાખ ધાબળાનું વિતરણ કરાયું હતુ પાંચ લાખ લોકોને દવાનું વિતરણ કરાયું હતું. ડોકટર દ્વારા સેવા કરી હતી. તેમજ કમોસમી વરસાદથી પીડીત તે ખેડૂતને આર્થિક સહયોગ માટે યાચીકા અભિયાન ચલાવી ગરીબ ગુરબા માટે વસ્ત્ર કપડાં મીઠાઈનું વિતરણ દિવાળી જેવા પર્વ નિમિતે દેશભરમાં અનોખી મુહિમ દ્વારા અનેક વિધ સેવા જયોત પ્રજવલિત કરી સેવાનાં ભેખધારી ડોકટર પ્રવિણભાઈ તોગડીયાના જન્મદિવસે વિવિધ સેવાકીય પ્રવૃતિઓ માટે કાર્યકરો સંગઠનો દ્વારા તૈયારીઓ પુરજોશમાં કરાય રહી છે.

# બાબરાના ખાનપર ગામે પંચાયત ભવનના નિર્માણ કાર્યનું ધારાસભ્ય હસ્તે ખાતમુહૂર્ત



બાબરા તાલુકાના ખાનપર ગામમાં સર્વાંગી વિકાસની દિશામાં ખૂબ જ મહત્વપૂર્ણ કાર્યનો પ્રારંભ થયો. ગામની પ્રગતિ, લોકસેવા અને પ્રશાસનને વધુ મજબૂત બનાવવા માટે થનારા નવા પંચાયત ભવનના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે વિધિવત રીતે પૂર્ણ થયું. ખાનપર ગામે વર્ષોથી એક સુવિધાસભર, આધુનિક અને સુવ્યવસ્થિત પંચાયત ભવનની જરૂરિયાત અનુભવી રહી હતી. નવું પંચાયત ભવન બનવાથી ગ્રામ પંચાયતની તમામ કામગીરી વધુ કાર્યક્ષમ થશે, લોકો માટે સરકારી યોજનાઓ અને સેવા મેળવવામાં સુવિધા અને પારદર્શિતા વધશે, ગામના વિકાસ સંબંધિત બેઠક, આયોજન અને તાલીમ માટે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપલબ્ધ થશે, ગામજનોને દૈનિક પ્રશાસન સંબંધિત કામગીરી માટે એક જ છત નીચે સુવિધા મળશે. ખાતમુહૂર્ત પ્રસંગે ઉદ્બોધન કરતાં ધારાસભ્યએ જણાવ્યું કે રાજય સરકાર અને તેઓ પોતે ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે પ્રતિબધ્ધ છે. રાજયમાં ગામોની આત્માનિર્ભરતા અને સુશાસન મજબૂત બનાવવા માટે પંચાયત ભવનોનું નિર્માણ અત્યંત જરૂરી છે. તેમણે વધુમાં ઉમેર્યુ કે ખાનપર ગામ માટે આગામી દિવસોમાં અન્ય વિકાસ કાર્યો પણ હાથ ધરવામાં આવશે. જેથી ગામની સુવિધાઓમાં ગતિ મળે. આ પ્રસંગે જીલ્લા પંચાયતના સદસ્યઓ, તાલુકા પંચાયતના સભ્યઓ, તાલુકા ભાજપના પ્રમુખ, ગામના સરપંચ, ગામના આગેવાનો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા. સૌએ આ મહત્વપૂર્ણ વિકાસ કાર્યોને હર્ષભેર આવકાર્યા અને ધારાસભ્યના સતત પ્રયત્નોની

# ૨ ડીસેમ્બર, ''વિશ્વ કમ્પ્યૂટર સાક્ષરતા દિવસ''



અમરેલી, તા. ૧

વિ કમ્પ્યુટર સાક્ષરતા કે જાણકારી દિવસની ઉજવણીની શરૂઆત ખાસ કરીને જે લોકો સુધી હજુ સુધી કમ્પ્યૂટર કે ટેક્નોલોજીની માહિતી પહોંચી નથી તે લોકોને કમ્પ્યૂટર કે ટેક્નોલોજી વિશે માહિતગાર કરવાનો છે. બીજા વિયુદ્ધ પહેલા કમ્પ્યૂટરના સાક્ષર લોકો ન હતા તેથી આ બાબતે વધુને વધુ જાણકારી પ્રસિદ્ધ કરવા આ દિવસની ઉજવણી કરવાની શરૂઆત કરવામાં આવી. સોશિયલ મીડિયા અને મીડિયા ચેનલ પર કમ્પ્યૂટરનું વિજ્ઞાપન કરીને તેની જરૂરિયાત ધરાવતા લોકો સુધી માહિતી પહોંચાડવીએ કમ્પ્યૂટર વિશે લોકોમાં જાગૃતિ ફેલાવવાનું સૌથી સરળ માધ્યમ છે. કમ્પ્યૂટર અને ટેક્નોલોજી વિશે ડિજીટલ સાક્ષરતા વધારવા માટે દર વર્ષે ૨ ડિસેમ્બરે વિ કમ્પ્યૂટર સાક્ષરતા દિવસ ઉજવવામાં આવે છે.

આજના સમયમાં પોતાના મહત્વપૂર્ણ યોગદાન માટે કમ્પ્યૂટર લોકોના જીવનમાં ખુબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. આજના સમયમાં કમ્પ્યૂટર ખૂબ જ ઝડપથી અને સરળતાથી સુલભ બન્યા છે અને આંખના પલકારામાં માહિતીની પ્રક્રિયાને સરળ બનાવવા માટે સશક્ત બન્યા છે પરંતુ જયારથી બ્રિટીશ ગણિતશાસ્ત્રી અને મિકેનિકલ એન્જિનિયર અને જેમના વિચારોથી કમ્પ્યૂટરની શોધ કરવામાં મદદ મળી હતી તેવા ચાર્લ્સ બેબેજે વિનું પહેલું કમ્પ્યૂટર બનાવ્યું હતું એ દિવસથી લઈને આજ સુધી આપણે જોઈએ તો આખા રૂમમાં સમાઈ જાય એવા કમ્પ્યૂટરથી લઈને આજે માઈક્રો કમ્પ્યૂટર પણ ઉપલબ્ધ છે છતાં આજે પણ ઘણા લોકો એવા છે કે જે ક્યાંકને ટેકનોલોજીને વાપરતા અચકાય છે અથવા એમને નવી નવી થઈ રહેલી શોધ કહો કે સવલતો એનો લાભ ઉઠાવતા આવડતો નથી. દિવસે દિવસે વધતા જતા સાઈબર ક્રાઈમ પણ આ ઓછી કમ્પ્યૂટર લીટ્રસીનું પરિણામ જ કહી શકાય. જો આ દિશામાં લોકો સુધી સાચી સમજ પહોચાડવા માટેનાં પ્રયત્નો કરવામાં આવશે તો દેશમાં થતાં ઘણા સાઈબર ક્રાઈમ્સ અટકાવી શકાશે.

આજના સમયમાં પોતાના મહત્વપૂર્ણ યોગદાન માટે કમ્પ્યૂટર લોકોના જીવનમાં ખુબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. જો આ દિશામાં લોકો સુધી સાચી સમજ પહોચાડવા માટેનાં પ્રયત્નો કરવામાં આવશે તો વિમાં થતાં ઘણા સાઈબર ક્રાઈમ્સ અટકાવી શકાશે.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૨૦ |
| ૨ | કપાસ કોડી | ૧૦૬૦ | ૧૨૭૦ |
| ૩ | મગફળી | ૭૪૧ | ૧૩૨૫ |
| ૪ | ચણા | ૭૫૧ | ૧૦૨૧ |
| ૫ | જુવાર સફેદ | ૮૦૦ | ૮૦૦ |


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૨૭૧ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૦૦ | ૧૩૪૦ |
| ૩ | શિંગ મોટી | ૭૧૦ | ૧૪૦૦ |
| ૪ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૩૨૫ |
| ૫ | તલ સફેદ | ૧૦૯૦ | ૩૦૦૦ |
| ૬ | તલ કાળા | ૨૨૦૦ | ૫૯૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૩૭૩ | ૨૪૫૦ |
| ૮ | બાજરો | ૩૧૪ | ૩૭૦ |
| ૯ | ઘઉં બંસી | ૫૩૧ | ૫૩૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૯૫ | ૫૬૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૫ | ૫૫૯ |
| ૧૨ | મકાઈ | ૪૦૨ | ૪૦૨ |
| ૧૩ | મગ | ૯૨૦ | ૧૧૩૦ |
| ૧૪ | અડદ | ૯૯૦ | ૧૧૬૦ |
| ૧૫ | ચણા | ૭૭૦ | ૧૧૭૧ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૧૦ | ૧૦૮૧ |
| ૧૭ | છોલે ચણા | ૧૨૫૧ | ૧૫૫૦ |
| ૧૮ | તુવેર | ૯૯૦ | ૧૨૪૫ |
| ૧૯ | કપાસ | ૯૭૦ | ૧૫૫૩ |
| ૨૦ | એરંડા | ૧૦૮૩ | ૧૨૮૦ |
| ૨૧ | જીરૂ | ૨૬૫૦ | ૪૦૦૦ |
| ૨૨ | ધાણા | ૧૫૦૦ | ૧૯૦૫ |
| ૨૩ | મેથી | ૭૮૫ | ૧૦૮૦ |
| ૨૪ | સોયાબીન | ૬૦૦ | ૮૯૯ |
| ૨૫ | રજકાનું બી | ૫૩૦૦ | ૭૮૦૦ |
| ૨૬ | મરચા લાંબા | ૧૨૦૦ | ૪૨૦૦ |
| ૨૭ | કાંગ | ૫૨૨ | ૫૨૨ |

# સાવરકુંડલાનાં દક્ષ નામનો વિદ્યાર્થી કુસ્તી સ્પર્ધામાં અગ્રેસર

અમરેલી, તા. ૧

સાવરકુંડલામાં રહેતા અને ગજેરા સંકુલમાં અભ્યાસ કરતાં પાનસુરીયા દક્ષ કિશોરભાઈએ ખેલ મહાકુંભ–૨૦૨૫ દરમિયાન કુરાશકુસ્તી રમતમાં રાજયકક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. ગુજરાત રાજયમાંથી અનેક પ્રતિસ્પર્ધીઓ વચ્ચે ટક્કર આપીને દક્ષએ પોતાની પ્રતિભા સાબિત કરી બ્રોન્ઝ મેડલ ઝડપી લીધો હતો.



દક્ષએ ખૂબ નાની ઉંમરમાં જ રમતમાં આગળ વધવા માટે સતત મહેનત, શિસ્ત અને લગન દાખવીને સફળતા હાંસલ કરી છે. કુસ્તી પ્રત્યેનો તેમનો જુસ્સો તથા માર્ગદર્શન આપનાર કોચ અને પરિવારનું પ્રોત્સાહન આ સિધ્ધિ પાછળનું મુખ્ય કારણ છે.

આ સિધ્ધિથી સાવરકુંડલા સહિત સમગ જિલ્લામાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. શાળાના શિક્ષકો અને મિત્રો દ્વારા દક્ષનું વધાવીને સન્માન કરવામાં આવ્યું હતું. આવનારા સમયમાં વધુ મોટા મંચ પર પોતાના કંસને અજવાળવા માટે દક્ષ પાનસુરીયા સજજ છે. તેમની આ પ્રતિભા અને પ્રગતિ યુવા ખેલાડીઓ માટે પ્રેરણાસ્ત્રોત સમાન છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં ટેકાના ભાવે ખરીદીમાં

ખેડૂતોને સીધું આર્થિક નુકસાન થતું હોવાનું ખેડૂતો કહી રહ્યા છે. ખેડૂતોની આ સમસ્યાઓને ગંભીરતાથી લઈને માર્કેટ યાર્ડમાં તાત્કાલિક યોગ્ય સુવિધાઓ ખાસ કરીને બે કોમ્પ્યુટર, શુદ્ધ પાણી, બાથરૂમ, છાંયો ઉપલબ્ધ કરાવવા તેમજ વજન પ્રક્રિયામાં પારદર્શિતા લાવવાની માંગ ઉઠી છે. ટેકાના ભાવે ખરીદી કરતા અધિકારીએ જણાવ્યું કે, ''આગામી બે દિવસમાં તમામ જરૂરી વ્યવસ્થાઓ શરૂ કરી દેવામાં આવશે. સરકાર પાસે બીજી આઈડીની મંજૂરી માટે માંગણી કરી છે, પરમિશન મળતાં જ બીજું કોમ્પ્યુટર પણ તરત શરૂ કરી દેવાશે.'' ખેડૂતોની સ્થિતિને ધ્પ્રયાનમાં રાખીને તંત્રએ તાત્કાલિક પગલાં લેવાની જરૂરિયાત ઊભી થઈ છે.

આ અંગે માર્કેટયાર્ડનાં પૂર્વ ચેરમેન અને વર્તમાન ડાયરેકટર પી.પી. સોજીત્રાએ જણાવ્યું કે ટેકાના ભાવે ખરીદી કરનાર સંસ્થા કે અધિકારી ધ્વારા સુવિધા આપવાની હોય છે. માર્કેટયાર્ડ જમીન, વીજળ સહિતની સુવિધા તો આપે છે અન્ય સુવિધાઓ માર્કેટયાર્ડે કરવાની હોતી નથી.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૭૩ | ૧૫૪૮ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૫૭૫ | ૫૭૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૮૦ | ૧૫૫૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૪૦ | ૧૨૭૦ |
| ૩ | મગફળી | ૧૦૨૧ | ૧૩૫૯ |
| ૪ | તલ સફેદ | ૧૫૯૫ | ૨૧૧૫ |
| ૫ | જીરૂ | ૩૦૯૦ | ૩૯૯૦ |
| ૬ | ઘઉં | ૪૭૫ | ૫૨૫ |
| ૭ | ચણા | ૯૭૦ | ૧૧૦૦ |
| ૮ | મગ | ૧૨૨૦ | ૧૬૦૦ |
| ૯ | અડદ | ૯૨૦ | ૧૨૩૦ |
| ૧૦ | સોયાબીન | ૭૯૦ | ૮૭૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૭૫ | ૧૩૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૪૧૫ |
| ૩ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૩૫૦ |
| ૪ | તલ કાળા | ૫૦૦૦ | ૫૩૫૦ |
| ૫ | જીરૂ | ૩૭૦૦ | ૪૧૫૨ |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૪૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૭ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૮૨ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૫૫૨ |
| ૧૦ | જુવાર | ૫૫૦ | ૧૨૦૦ |
| ૧૧ | અડદ | ૮૦૦ | ૧૪૧૭ |
| ૧૨ | ચણા | ૮૫૦ | ૧૦૩૨ |
| ૧૩ | તુવેર | ૮૫૦ | – |
| ૧૪ | એરંડી | ૧૦૫૦ | – |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૧૬ | સોયાબીન | ૭૫૦ | ૮૨૭ |

# લાઠી શહેર ભાજપ પ્રમુખ ધર્મેશ સોની સાથે ટેલીફોનીક ચર્ચા કરતા જગદીશ વિશ્વકર્મા

અમરેલી, તા.૧

પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માએ લાઠી પ્રમુખ ધર્મેશ સોનીને ટેલિફોન કરેલ અને વાતચીત દરમિયાન વિશ્વકર્માએ શહેરમાં ચાલી રહેલી SIR, વિવિધ લોકલક્ષી અને સંગઠનલક્ષી કામગીરી ઝડપી ગતિએ પૂર્ણ કરવા માટે ખાસ માર્ગદર્શન પૂરૂં પાડયું. સંગઠન મજબૂત બને અને નાગરિકોને વધુ અસરકારક રીતે સેવા મળી રહે એ માટે જરૂરી સૂચનાઓ પણ આપી.



પ્રદેશ પ્રમુખએ સંગઠન પ્રવૃત્તિઓ, જાહેર જનતા સુધી સરકારની સુવિધાઓ પહોંચાડવાના અભિગમ તેમજ શહેરના વિકાસ કાર્યો વિષે માહિતી મેળવી.

ધર્મેશ સોનીએ પ્રદેશ પ્રમુખની આ અનોખી પહેલનું હર્ષભેર સ્વાગત કરી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. શહેરના વિકાસ અને સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે સતત પ્રામાણિક પ્રયાસ ચાલુ રાખવાનો વિશ્વાસ પણ વ્યક્ત કરેલ.

## પાના ૮ ઉપરનું ચાલું આરોપીઓનો નિર્દોષ છુટકારો

ત્યારબાદ તેઓનું મૃત્યુ થયેલ હતું. તે બાબતની ફરીયાદ ગૌતમભાઈએ ભગીરથભાઈ ભાભલુભાઈ વાળા તથા દિયર મયુરભાઈ ઉર્ફે મયલુભાઈ ભાભલુભાઈ વાળા, તથા સાસુ રમજુબેન ભાભલુભાઈ વાળા સામે આપેલ હતી અને આ ગુન્હો અમરેલી રૂરલ પો.સ્ટે.માં આઈ.પી.સી.ની કલમ ૩૦૬, ૩૨૩, ૪૯૮(એ), ૫૦૪, ૧૧૪ ની વિગતે દાખલ થયેલ હતો. ત્યારબાદ ગુન્હાની ગંભીરતા ધ્યાને લઈ આ કામે તપાસ કરનાર અધિકારીએ ઉપરોકત આરોપીઓ સામે ચાર્જશીટ કરેલ હતું.

ત્યારબાદ આ કામે એફ.એસ.એલ.ના રીપોર્ટ તથા ડોકટરોની જુબાની તથા મેડીકલ સર્ટીફીકેટ તથા તપાસ કરનાર પોલીસ અધિકારીની જુબાની લેવામાં આવેલ તથા ફરીયાદ પક્ષે ફરીયાદી તથા તેમના કુટુંબીઓની જુબાની લેવામાં આવેલી હતી.

આ કામે ફરીયાદ પક્ષ તથા આરોપી પક્ષ બંને કાઠી ક્ષત્રિય સમાજના હોય અને સમાધાનના ઘણા પ્રયત્નો કરવા છતા સમાધાન થયેલ નહોય સમાજમાં આ કેસ જે તે સમયે ખુબ ચર્ચાસ્પદ બનેલ હતો. ત્યારબાદ આ કામે કેસ શરૂ થતા સરકાર પક્ષે ફરીયાદીનો કેસ સાબીત કરવા માટે ઘણા સાક્ષીઓ તપાસવામાં આવેલ હતા, અને ચાલુ કેસ દરમિયાન ભગીરથભાઈનું અકસ્માત થતા અવસાન થયેલ હતું. આ કામે સમગ્ર કેસ ચાલી જતા ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરતા પ્રયત્નો કરવા છતા આ કામના આરોપીઓ સામે પોતાનો કેસ ફરીયાદની વિગતે સાબીત કરી શકેલ ન હોય આ કામના તમામ આરોપીઓને અમરેલીના ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ આર.વી. બુખારી મેડમે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપીઓ તરફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી રોકાયેલ હતા.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૬ | ૧૪૫૨ |
| ૨ | કપાસ કોડી | ૯૧૬ | ૧૧૯૬ |
| ૩ | મગફળી | ૮૦૦ | ૧૨૭૫ |
| ૪ | ઘઉં | ૫૦૦ | ૫૩૧ |
| ૫ | ચણા | ૭૭૧ | ૧૦૫૫ |
| ૬ | સફેદ ચણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૭ | ધાણા | ૧૪૦૦ | ૧૯૦૦ |
| ૮ | કલોંજી | ૩૦૫૦ | ૪૨૨૧ |
| ૯ | કાળા તલ | ૪૦૦૦ | ૪૦૦ |
| ૧૦ | તુવેર | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૧૧ | શીંગદાણા | ૧૦૩૦ | ૧૩૫૬ |
| ૧૨ | મેથી | ૬૦૦ | ૭૦૦ |
| ૧૩ | બાજરો | ૩૧૮ | ૩૧૮ |
| ૧૪ | સોયાબીન | ૭૦૧ | ૮૫૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૦૭ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૪૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૭૦ | ૫૩૮ |
| ૪ | અડદ | ૯૨૫ | ૧૦૦૦ |
| ૫ | ચણા | ૮૦૦ | ૧૦૫૧ |
| ૬ | ધાણા | ૧૭૦૦ | ૧૮૭૫ |
| ૭ | મેથી | ૯૦૦ | ૯૧૨ |
| ૮ | રાય | ૧૫૦૦ | ૧૫૫૧ |
| ૯ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૧૦૦ |
| ૧૦ | સોયાબીન | ૫૦૦ | ૯૦૪ |
| ૧૧ | લસણ | ૩૦૦ | ૫૭૦ |
| ૧૨ | મગફળી | ૭૦૦ | ૧૨૦૮ |
| ૧૩ | શીંગફાડા | ૭૦૦ | ૧૨૩૦ |

## પાના ૮ ઉપરનું ચાલું પેરોલ ફર્લો સ્કવોર્ડ

મહારાષ્ટ્ર રાજયના પુણે જિલ્લા ખાતે સદર કેદીની તપાસમાં જઈ મજકુર કેદીને તા. ૩૦/૧૧/૨૫ ના રોજ પુણે, મહારાષ્ટ્ર ખાતેથી પકડી તપાસ, પુછપરછ કરી આગળની ઘટતી કાર્યવાહી કરી બાકીની સજા ભોગવવા માટે રાજકોટ મધ્યસ્થ જેલને સોંપી આપેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં ૬૫ વર્ષિય મહિલા સાથે

સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ અમરેલીમાં આવેલ નાગનાથ મંદિર પાસે આવેલ શિવ કોમ્પલેક્ષમાં રહેતાં અને સમાજમાં સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલ અને નિવૃત જીવન ગુજારતા આશાબેન દવે નામનાં ૬૫ વર્ષીય મહિલાને ગત નવેમ્બર ૨૦૨૪માં તેમનાં મીત્રો સાથે અમેરીકા ટુરમાં જવાનુ હોય. જેથી તેમનાં ઓળખીતા કૌશીકભાઈ ભગવાનભાઈ મીસ્ત્રી જેઓ અમરેલી ગાંધીબાગ પાસે આવેલ સ્વામીનારાયણ મંદિરમાં આશરે છ એક મહિના સેવા કરતા હોય તેમજ છ મહિના અમેરીકા ખાતે રહેતા હોય તેમને આ મહિલા છેલ્લા ત્રણેક વર્ષથી ઓળખતા હતા.

જેથી તેણીએ આ કૌશીકભાઈ મીસ્ત્રીને આ ટુર બાબતે વાત કરતા આરોપી કૌશીકભાઈ મીસ્ત્રીએ જણાવેલ કે અમેરીકા ખાતે ટુરમાં બીજા અન્ય ટ્રાવેલ કંપનીથી સસ્તા ભાવે તથા વધુ ફેસીલીટી આપીશ. જેથી આ મહિલાએ એપ્રીલ ૨૦૨૫માં અમેરીકા જવાનુ નક્કી કરતા આરોપી સાથે અમેરીકા ટુરનાં જેમાં ટ્રાવેલીંગ તેમજ હોટેલ મળી કુલ રૂપિયા ૪,૦૦,૦૦૦ નો ખર્ચ નક્કી કરેલ અને તે બાબતે આરોપીએ અલગ અલગ રીતે મહિલા પાસેથી રૂપિયા ત્રણેક લાખ લઈ લીધાં બાદ ટુરમાં હોટલ બુકીંગ અન્ય ખર્ચ મળીને રૂપિયા ૮,૦૦,૦૦૦ થશે તેવુ આરોપીએ આ મહિલાને કહેતા મહિલાને આ પેકેજ વધારે કિંમતનું લાગતા મહિલાએ હવે ટુરમાં નથી જવુ જેથી આ એરલાઈન્સની ટીકીટ સિવાયનાં બાકી રહેતા રૂપિયા ૨,૨૪,૦૦૦ મહિલાએ પરત માંગતાં આરોપીએ બાકી રહેતી રકમ રૂપિયા ૨,૨૪,૦૦૦ પરત મળવા પાત્ર નથી અને આ તમામ રૂપિયા મારા સર્વિસ ચાર્જમાં ગણી લેજો પૈસા આપીશ નહી. જેથી આરોપીએ સસ્તા ભાવમાં અમેરીકાની ટુરમાં લઈ જવા બાબતે લલચાવી મહિલા સાથે રૂપિયા ૨,૨૪,૦૦૦ની છેતરપીંડી કરેલ હોવાની મહિલાએ આરોપીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

**શ્રી દેવગામ ગ્રામ પંચાયત, મુ. દેવગામ,**
**તા. કુંકાવાવ–વડીયા, જિ. અમરેલી**

**:: ટુંકી મુદ્તની જાહેર હરરાજી ::**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, અમરેલી જિલ્લાના કુંકાવાવ–વડીયા તાલુકાના દેવગામ ગામે આવેલા **''દેવગામ ગ્રામપંચાયત કચેરીનું જુનું મકાન તથા મંત્રી ઘર''** તોડી પાડી, ઈમલો ઉતારી કાટમાળ નિકાલ કરી અને જગ્યા ખુલ્લી સમથળ કરી આપવાનાં કામની જાહેર હરરાજી તા. ૧૦/૧૨/૨૦૨૫ને બુધવારના રોજ સમય સવારે ૧૧ : ૦૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી દેવગામ સ્થળે રાખેલી હોય તો હરરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવું.

**સરપંચશ્રી**
**દેવગામ ગ્રામ પંચાયત**
**મો. ૯૯૧૩૨૫૩૫૯૫**

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી**

અપીલ અરજી નં. ૨૧૨/૨૦૨૫

**અરજદાર :** શ્રી રાઘવભાઈ અરજણભાઈ સાંગાણી
સરનામું : રહે. નાના ગોખરવાળા, તા.જિ.અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.નાના ગોખરવાળા તા./જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ગોખરવાળા ગામમાં અરજદારશ્રી **રાઘવભાઈ અરજણભાઈ સાંગાણી** તેઓના ભત્રીજા **રાકેશભાઈ ચંદુભાઈ સાંગાણીની જન્મ (તા.૦૫/૦૪/૧૯૮૮)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૧૯–૧૧–૨૦૨૫** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

**''અમરેલી એક્સપ્રેસ''**
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
**સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૭૧ | ૧૨૧૦ |
| ૨ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૪૨૧ |
| ૩ | તલ કાળા | ૪૩૭૫ | ૪૩૭૫ |
| ૪ | કપાસ | ૯૫૦ | ૧૪૫૫ |
| ૫ | બાજરો | ૪૨૬ | ૫૫૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૦ |
| ૭ | જુવાર | ૫૦૧ | ૧૦૩૮ |
| ૮ | અડદ | ૬૯૧ | ૧૦૬૦ |
| ૯ | ચણા | ૭૦૧ | ૧૩૦૧ |
| ૧૦ | સોયાબીન | ૮૦૧ | ૮૧૦ |

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૧૮/૨૦૨૫ તા.૨૪/૧૧/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) ખદરાણી જમાલભાઈ નનુભાઈ
રહે.પિયાવા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી
**એડવોકેટ : ભગીરથભાઈ એ. બસીયા, રહે. સાવરકુંડલા મો. ૮૩૨૦૩ ૮૨૫૧૨**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી, પિયાવા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **ખદરાણી જમાલભાઈ નનુભાઈ**ના પુત્ર ખદરાણી યુસુફભાઈ જમાલભાઈનો **જન્મ તા. ૦૫/૦૮/૧૯૮૪ના રોજ મુ. પિયાવા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૨૪/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૨૦/૨૦૨૫ તા.૨૪/૧૧/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) કાનાણી શંભુભાઈ ડાયાભાઈ
રહે.સેંજળ, તા. સાવરકુંડલા, જિ. અમરેલી
**એડવોકેટ : ભગીરથભાઈ એ. બસીયા, રહે. સાવરકુંડલા મો. ૮૩૨૦૩ ૮૨૫૧૨**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી, સેંજળ, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **કાનાણી શંભુભાઈ ડાયાભાઈ**ની **ભત્રીજી કાનાણી ભાનુબેન પરષોત્તમભાઈનો જન્મ તા. ૦૧/૦૧/૧૯૬૮ના રોજ મુ. સેંજળ, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૨૪/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૧૯/૨૦૨૫ તા.૨૪/૧૧/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) સાવલીયા ગોકળભાઈ લવાભાઈ
રહે.નેસડી, તા. સાવરકુંડલા, જિ. અમરેલી
**એડવોકેટ : ભગીરથભાઈ એ. બસીયા, રહે. સાવરકુંડલા મો. ૮૩૨૦૩ ૮૨૫૧૨**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી, નેસડી, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **સાવલીયા ગોકળભાઈ લવાભાઈ**ની **ભત્રીજી સાવલીયા નયનાબેન બાબુભાઈનો જન્મ તા. ૦૨/૦૩/૧૯૭૭ના રોજ મુ. નેસડી, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૨૪/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૯૩/૨૦૨૫ તા.૨૫/૧૧/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) રૈયાણી જયસુખભાઈ પ્રેમજીભાઈ
રહે.આંબરડી, તા. સાવરકુંડલા, જિ. અમરેલી
**એડવોકેટ : ભગીરથભાઈ એ. બસીયા, રહે. સાવરકુંડલા મો. ૮૩૨૦૩ ૮૨૫૧૨**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી, આંબરડી, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **રૈયાણી જયસુખભાઈ પ્રેમજીભાઈ**ના **માતા જીવીબેન પ્રેમજીભાઈ રૈયાણીનું મરણ તા. ૧૩/૦૭/૨૦૦૧ના રોજ મુ. આંબરડી, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૨૫/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

### SIR અભિયાનનાં ઈન્ચાર્જ અને ધારાસભ્ય કસવાલાની ઉપસ્થિતિમાં

# અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે SIR અભિયાન અંતર્ગત માર્ગદર્શન બેઠક યોજાઈ

## બુથ વાઈઝ સક્રિય કાર્યકર્તાઓ મુકવા પ્રમુખોને સુચના

અમરેલી, તા. ૧

ગુજરાતમાં ચાલી રહેલ SIR અભિયાન એટલે કે મતદારયાદી વિશેષ સુધારણાને વધુ સરળ અને ઝડપી બનાવી શકાય તેમજ મતદારોને સરળતા રહે તે હેતુસર અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલયે જીલ્લા ભાજપના આગેવાનો, આ અભિયાન અંતર્ગત નિયુકત કરેલા વકીલો તેમજ BLA–૧ કાર્યકરોને વિશેષ જાણકારી મળી રહે તે માટે પ્રદેશ ભાજપની સુચના મુજબ બેઠક રાખવામાં આવેલ.



અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના અધ્યક્ષ સ્થાને મળેલ આ બેઠકમાં SIR અભિયાન સૌરાષ્ટ્ર ઝોનના ઈન્ચાર્જ અને સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ અપેક્ષિત ઉપસ્થિત કાર્યકરોને રાજયમાં ચાલી રહેલ ખાસ મતદાર યાદી સુધારણા સંદર્ભે સરળ ભાષામાં વિસ્તૃત માહિતી આપી હતી આ બેઠકમાં કાર્યકરોને બુથ સઃ પ્રવાસ કરવાનું આયોજન કરવાનું તેમજ સરકાર તરફથી નિમાયેલ BLO સાથે સંકલનમાં રહીને શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના મતદારોને મદદરૂપ થઈ રાષ્ટ્રીય કાર્યમાં જોડવા અપીલ કરેલ તેમજ આ અભિયાનને વેગવંતુ બનાવવા બુથ વાઈઝ સક્રિય કાર્યકર્તા મુકવા મંડળ પ્રમુખોને સુચના આપવામાં આવેલ.

### ગૌણ સેવા સમિતિની પરીક્ષા પાસ કરી

# જાફરાબાદની લાયબ્રેરીનાં વાચક અધિકારી બની ગયા

## નામદેવ ઉપર અભિનંદન વર્ષા



જાફરાબાદ, તા. ૧

જાફરાબાદની આન બાન અને શાન ધરાવતી જ્ઞાનની પરબ સમાન – ગ્રંથાલયના કાયમી વાંચક અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા છેલ્લા ૪ વર્ષોથી સતત વાંચન અને અભ્યાસ કરી કેશોદના વતની નામદેવ હાર્દિકભાઈ પોતે જાફરાબાદની પોસ્ટ ઓફિસમાં સર્વિસ કરતા કરતા સ્પર્ધાત્મક પરીક્ષાઓની અભ્યાસ અને તૈયારી કરતા પોતાની સતત વાંચન અને અભ્યાસથી તેઓ ગૌણ સેવા સમિતિમાં સફળતા મેળવી ડો. બાબા સાહેબ આંબેડકર કહેલ કથન પ્રમાણે 'શિક્ષિત બનો સંગઠીત બનો અને સંઘર્ષ કરો'ના સુત્રને સાર્થક કરી બતાવી તેઓની ગાંધીનગર ખાતે મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી તરીકે નિમણૂક મળ તા આ લાઈબ્રેરીના ગ્રંથપાલ અલારખભાઈ ફકીરના અધ્યક્ષ સ્થાને સન્માન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં આ લાઈબ્રેરી કાયમી વાચકો તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા અને સન્માન રૂપે આ લાઈબ્રેરીના ગ્રંથપાલ અલારખભાઈ ફકીર દ્વારા શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા આ તકે આ લાઈબ્રેરીના મેનેજમેન્ટ કમિટીના સભ્ય એચ.એમ. ઘોરીએ ફુલહાર પહેરાવી સન્માનિત કરી તેઓએ શિક્ષણ વિશે વિસ્તૃત માહિતી તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી દેશ અને સમાજનું ગૌરવ વધારે તેવી શુભેચ્છા પાઠવી હતી તેમજ આ તકે આ લાઈબ્રેરીના સ્થાનીક વ્યવસ્થાપન સમિતિના સભ્ય કિશોરભાઈ આર. સોલંકીએ ફુલહારથી સન્માનિત કર્યા હતા આ તકે નવોદિત લેખક અને દરિયાઈ જીવનશૈલી વિશેનું પુસ્તક ખારાં પાણીને ખમ્માના લેખક વિષ્ણુભાઈ ભાલિયા દ્વારા કલ્પવૃક્ષ પુસ્તક આપી હાર્દિકભાઈને સન્માનિત કરવામાં આવ્યા હતા આ લાઈબ્રેરીના કાયમી વાચક બહેનો દ્વારા શાબ્દિક શબ્દો થીસન્માનિત કરવામાં આવ્યા હતા આ લાઈબ્રેરીના એટેન્ડેટ નઝીરભાઈ નરપાલી તેમજ યુવા વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને તમામ વાચકો તેઓએ જીવન યાત્રાને શુભેચ્છાઓ પાઠવી હતી અને તેઓએ તમામ વાચકોને મિઠાઈ દ્વારા મોઢા મીઠાં કરવામાં આવ્યા હતા તેમજ આ તકે નામદેવ હાર્દિકભાઈ એ જા.કે.ઉ. મંડળના પ્રમુખ કિરીટભાઈ મહેતા અને યોગેશભાઈ ગોરડિયા તેમજ કિશોરભાઈ મહેતા નિયામક તેમજ તમામ ટ્રસ્ટી મંડળનો આભાર વ્યકત કર્યો હતો આ કાર્યક્રમ રંગેચંગે પૂર્ણ થયો હતો.

### બાલભવન પરિવાર અને રમેશ પારેખ સાહિત્ય વર્તુળ દ્વારા

# અમરેલી ખાતે કવિવર રમેશ પારેખને જન્મતિથિએ પુષ્પાંજલિ આપવામાં આવી

## શહેરનાં સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા. ૧

અમરેલીમાં ૨૭મી નવેમ્બરે કવિવર રમેશ પારેખની જન્મતિથિ નિમિત્તે એમને પુષ્પાંજલી આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. ગીરધરભાઈ સંગ્રહાલય, લોકવિજ્ઞાન કેન્દ્ર, બાલભવન અને રમેશ પારેખ સાહિત્ય વર્તુળના સંયુકત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં અમરેલી અને ગુજરાતી ભાષાના લાડલા કવિ રમેશ પારેખને પુષ્પાંજલી, સ્વરાંજલી અને શબ્દાંજલી આપવામાં આવી. સંગીત કલા વર્ગના પંકજભાઈ જોષી અને એમના સંગીતકાર, ગાયકવૃંદ દ્વારા રમેશ પારેખના કાવ્યોનું ગાન કરવામાં આવ્યું. સ્નેહી પરમાર, પ્રણવ પંડ્યા, હરજીવન દાફડા અને ઉપસ્થિતોએ શબ્દાંજલી આપી. બાલભવન પરિવાર દ્વારા સરસ આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે લોકસાહિત્ય સેતુના પ્રમુખ ઈતેશ મહેતા, સંવેદન ગૃપના વિપુલ



ભટ્ટી, મનોજ ઠાકર, અનિ ઠાકર, ઉદય મહેતા સહિત વિશાળ ભાવક વર્ગએ ઉપસ્થિત રહી કવિને પુષ્પાંજલી અર્પણ કરી હતી. રોહિતભાઈ જીવાણીએ શુભેચ્છા સંદેશ દ્વારા કવિને શબ્દાંજલી પાઠવી હતી.

### બેટી બચાવો-બેટી પઢાઓ સેલ દ્વારા

# દામનગરમાં પોક્સો (પોકસો) એક્ટ જાગૃત્તિકરણ સેમિનાર યોજાયો

## ઝેડ.એન.અજમેરા હાઇસ્કુલ ખાતે કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૧

બેટી બચાવો–બેટી પઢાઓ સેલ–અમરેલી દ્વારા ઝેડ.એન. અજમેરા હાઈસ્કુલ દામનગર ખાતે પોક્સો (પોકસો) એક્ટ જાગૃત્તિકરણ સેમિનાર યોજાયો હતો. નગરપાલિકાના પ્રમુખ ગોબરભાઈ નારોલના અધ્યક્ષસ્થાને યોજાયેલા સેમિનારમાં વિદ્યાર્થિનીઓ અને મહિલાઓમાં બાળકીઓની સુરક્ષા અંગે માહિતી આપવામાં આવી હતી.



કાર્યક્રમના પ્રારંભે જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષભાઈ કણઝરીયા દ્વારા 'બેટી બચાઓ બેટી પઢાઓ' યોજના અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલુકા કાનૂની સેવા સત્તા મંડળ , લાઠીના એડવોકેટશ્રી, ઈતેશભાઈ મહેતા દ્વારા પોક્સો એક્ટ અંગે કાયદાકીય જ્ઞાન અને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં હસુમુખભાઈ રાઠોડ, ભારવીબહેન, રેશ્માબેન બાજેર, જસુબેન ભંડેરી, મહેકબહેન, ગોબરભાઈ, મીનાક્ષી બહેન દ્વારા વિષયને અનુરૂપ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ સેમિનાર દ્વારા વિદ્યાર્થિનીઓમાં કાયદાકીય જ્ઞાન, સુરક્ષા અને સશક્તિકરણ અંગે જાગૃત્તિ પ્રસરાવવામાં આવી હતી. બેટી બચાવો બેટી પઢાવો યોજના અને પોક્સો એક્ટ જેવી મહવપૂર્ણ યોજના અને કાયદા અંગેની સમજણ આ સેમિનાર દ્વારા આપવામાં આવી જે સમાજમાં મહિલાઓ અને બાળ કીઓના હીત માટે મહવપૂર્ણ પગલું છે તેમ મહિલા અને બાળ અધિકારી, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી જિલ્લા પંચાયત ખાતે શિક્ષણ સમિતિની બેઠક યોજાઈ

અમરેલી, તા.૧

અમરેલી જિલ્લા શિક્ષણ સમિતિના ચેરપર્સન, રમીલાબેન ભીખુભાઈ ધોરાજીયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા શિક્ષણ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સમિતિના સભ્યોની ઉપસ્થિતિમાં એજન્ડાની ચર્ચા કરવામાં આવી હતી.

અમરેલી જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓના જર્જરિત ઓરડા પાડવાની મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના નામ સુધારણા કરવામાં આવ્યા હતા. પ્રાથમિક શાળાની જમીન સોંપવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠકમાં શિક્ષણને લગતા અને વહીવટને લગતા મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. તેમ જિલ્લા પ્રાથમિક શિક્ષણઅધિકારી, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

# બ્રહ્મલીન સંતશ્રી અમરગીરી બાપુની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવે ભકિતમય માહોલ



અમરેલી, તા. ૧

શ્રી બોડકા હનુમાનજી મહારાજના પાવન સાનિધ્યમાં બ્રહ્મલીન સંતશ્રી અમરગીરી બાપુની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાનો ભવ્ય અને ધાર્મિક મહોત્સવ નિમિત્તે વિશાળ ડાયરાનું આયોજન કરવામાં આવ્યું. આ અવસરપર સમગ્ર વિસ્તારના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા અને સ્થળે ભક્તિ અને આધ્યાત્મિકતાનો પ્રવાહ જોવા મળ્યો હતો.

પ્રસંગને વધુ ભવ્યતા આપવા લોકપ્રિય સુરેત્રા ભજન સમ્રાટ માયાભાઈ અહિરે પોતાના કાંતિલા સ્વરોથી ભક્તિમય વાતાવરણ સજર્યું હતું. તેમની સાથે અનેક નાની–મોટી લોકકલાકારો પણ ઉપસ્થિત રહ્યા હતા અને લોકસંગીત તથા ભજનો પ્રસ્તુત કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.તથા વૈદિક શાસ્ત્રો અને ભક્તિ માર્ગ પર પ્રકાશ પાથરતા પ્રસિદ્ધ કથાકાર રવિરામબાપુ હરિયાણીની ઉપસ્થિતિથી શ્રવણયોગનો સૌભાગ્ય ભક્તજનોને મળ્યો. તેમણે સંતશ્રી અમરગીરી બાપુના જીવન અને તેમના સેવાભાવ વિશે પ્રેરણાદાયક વાતો કરી સૌને ધાર્મિક જીવન તરફ પ્રેરિત કર્યા.

આ મહોત્સવ દ્વારા સંતના સંદેશો અને તેમનું દૈવી વ્યક્તિત્વ ફરી વાર સજીવન થયું અને ગામજનોમાં એકતા, શ્રદ્ધા અને સંસ્કારની ભાવનાને નવી શક્તિ મળી. ભક્તોએ આ પ્રસંગને આધ્યાત્મિક ઉત્સવ તરીકે હૃદયપૂર્વક માણ્યો.

# સાવરકુંડલા : કવિ રમેશ પારેખના જન્મ દિવસ નિમિતે શબ્દાંજલિ કાર્યક્રમ યોજાયો





સાવરકુંડલા, તા. ૧

તા. ૨૭.૧૧.૨૦૨૫ ગુરૂવારના દિવસે અમરેલીના અને આપણી ગુજરાતી ભાષાના ઘરેણા સમા સાહિત્યકાર સ્વ. રમેશ પારેખને તેમના જન્મદિવસ નિમિત્તે વિદ્યાર્થીઓ દ્વારા શબ્દાંજલી આપતો કાર્યક્રમ યોજાયો. જેમાં પ્રથમ શાળાના ઈન્ચાર્જ આચાર્ય જીતુભાઈ ભટ્ટે કવિની જીવન ઝરમર અને સાહિત્ય સર્જન વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા.ત્યાર પછી વિદ્યાર્થી ગૌતમ ડાભીએ રમેશ પારેખની કવિતા 'હરિ પર અમથું અમથું હેત.....' નું ભાવવાહી પઠન કર્યુ.તો વિદ્યાર્થી ઉત્સવ ગોહિલે કવિની પ્રખ્યાત ગઝલ 'આંખોમાં આવી રીતે દ્રશ્ય ન મોકલાવ તું...'નુ સહજ સુમધુર અવાજમાં પઠન કર્યુ.

વિદ્યાર્થી સુજલ બગડા એ કવિ રમેશ પારેખનું પેન્સિલથી ચિત્ર સર્જન કર્યુ હતું જે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું.સાથોસાથ 'જનનીની જોડ સખી નહી જડે રે લોલ....'ગીતના રચયિતા કવિ બોટાદકરનો પણ જન્મદિવસ હોય તેમનુ આ તકે સ્મરણ કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન શાળાના શિક્ષિકા અલ્પાબેન રાવલે કર્યુ હતું જેણે પણ કવિ શ્રીની પ્રચલિત રચનાઓનો આ સ્વાદ કરાવ્યો હતો. કાર્યક્રમના આયોજન બદલ પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી ઉપપ્રમુખ કનુભાઈ ગેડીયા અને મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચાએ ખુશી વ્યક્ત કરી હતી.

# દેરડી જાનબાઈ ખાતે SVS કક્ષાનાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનો પ્રારંભ



અમરેલી, તા. ૧

જીસીઆરટી ગાંધીનગર જિલ્લા શિક્ષણ, અધિકારી કચેરી અમરેલી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી દ્વારા આયોજિત કલાપી વિકાસ સંકુલ કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન ૨૦૨૫ ઉલ્લાસપૂર્વક આયોજન થયેલ. જેમાં અતિથિ વિશેષ જિલ્લા પંચાયત સદસ્ય જીતુભાઈ ડેર, જિલ્લા શિક્ષણ અધિકારી એમ.બી.ગોહિલ તથા તેમજ કચેરીનો સ્ટાફ,જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના પ્રોફેસર ભરતભાઈ ડેર તથા વર્ગ ૨ અધિકારીઓ તથા દેરડી જાનબાઈગામના સરપંચ માજી સરપંચ ,તથા તમામ સંઘના પ્રમુખ તથા હોદ્દેદાર સભ્યઓ, લાઠી,લીલીયા અને બાબરા તાલુકાના માર્ગદર્શક શિક્ષકઓ, ગણિત વિજ્ઞાન વિષયના નિર્ણાયકઓ, દેરડી ગામના અગ્રણી ગ્રામજનો, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યઓ ગણિત– વિજ્ઞાન પ્રદર્શનમાં હાજરી આપી વિદ્યાર્થીઓ તથા બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થના તથા દીપ પ્રાગટય સાથે થઈ. ત્યારબાદ સ્વાગત ગીત તથા મહાનુભાવોનો શાબ્દિક સ્વાગત શાળાના આચાર્ય નિરવભાઈ કારિયા દ્વારા થયું આ શાળાના બાળકો દ્વારા વિવિધ ભારતીય વૈજ્ઞાનિકોની ઝલક દ્વારા વિજ્ઞાનમય વાતાવરણની ઝાંખી કરાવી. ગણિત વિજ્ઞાન પ્રદર્શનનું પ્રાસંગિક ઉદબોધન એમ બી ગોહિલ તથા મુકુંદભાઈ મહેતા તથા જીતુભાઈ ડેર દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન તથા અમૂલ્ય માર્ગદર્શન અપાયું. મહાનુભાવો દ્વારા રીબીન કાપી વિજ્ઞાન મેળો ખુલ્લો મુકાયો. કુલ પાંચ વિભાગોમાં ૭૫ જેટલી કૃતિઓ ત્રણ તાલુકાના વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ સુંદર રીતે કરાઈ. જેમાં બાળ વૈજ્ઞાનિકોની સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ ઝલક જોવા મળી. કુલ પાંચ વિભાગોમાંથી વિભાગ પ્રમાણે એક થી ત્રણ નંબર આપે વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ દ્વારા સન્માનિત કરાયા. તમામ શિક્ષક તથા નિર્ણાયક ગામની ઓળખ એવા ચકલી ઘરથી સન્માનિત કરાયા. આ તકે શાળાના દીપાબેન સોનેજી દ્વારા આ કાર્યક્રમમાં જોડાયેલ સૌ મહાનુભાવો તથા વિદ્યાર્થીઓ વાલીઓનો આભાર વ્યક્ત કરાયો.

# અમરેલીની ખાતે "તમારી મૂડી તમારો અધિકાર" અંતર્ગત જાગૃતિ સેમિનાર યોજાયો



બેન્ક અને વિવિધ નાણાંકીય સંસ્થાઓમા ૧૦ વર્ષથી અધિક સમયથી લોકોના ભુલાય ગયેલ, બિનદાવા (unclaimed) રકમ પરત કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલ તમારી મુડી તમારો અધિકાર અભિયાન અંતર્ગત બંક તથા ગ્રાહકોની જાગૃતિ અને માર્ગદર્શન અંગે SBI લીડ બેંક દ્વારા SBI રિજિયન ઓફિસના સહયોગથી તારીખ ૨૮/૧૧/૨૦૨૫ના રોજ દિલિપ સંઘાણી સાંસ્કૃતિક હોલ, અમરેલી ખાતે મેગા કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ મેગા કેમ્પમા મુખ્ય અતિથિ તરીકે નિવાસી અધિક કલેક્ટર, દિલીપસિંહ ગોહિલ, આરબીઆઈના એજીએમ સચિન પાટીદાર, નાબાર્ડના DDM સુ ભાવના મેડમ, એસ બી આઈ બેંકના રિજિયોનલ મેનેજર પરેશભાઈ પરીખ, ચીફ મેનેજર અખીલ, ગ્રાહકો, બેંક ઓફ બરોડાના ડેપ્યુટી આર એમ સાહુ ચીફ મેનેજર રાજીવ તથા વિવિધ બેન્કોના અધિકારીઓ, બેંક ગ્રાહકો, સીનીયર સિટીઝન તથા મહિલા મંડળના સભ્યો વિશાળ સંખ્યામાં હાજર રહેલ. આ કેમ્પમા વિવિધ વકતાઓ દ્વારા બેંક ગ્રાહકોને ઉપયોગી માર્ગદર્શન અને માહિતી આપેલ. નિવાસી અધિક કલેકટર ગોહિલએ વધુને વધુ ગ્રાહકોને તેમની મૂડી ઝડપથી પરત મળે તેવા સક્રિય પ્રયત્નો બેન્કો દ્વારા કરવામા આવે તેવી અપીલ કરવામાં આવેલ. અમરેલી જિલ્લામા કુલ ૧૨૯૯૦૦ ખાતેદારોના કુલ ૩૪.૪૦ કરોડ રૂપિયાની રકમ આવા બિનદાવા તરીકે વિવિધ બેન્કોમા પડેલ છે તે પૈકી આજના કેમ્પમા ૩૧ ખાતેદારો ૨૯ લાખ રૂપિયાની રકમ ચૂકવવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે લીડ બેંક મેનેજર રોનક કુમાર તથા RSETI સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ. ઉદઘોષના પિયુષ શાહ (FLC)એ કરેલ.

હવે આપના અમરેલીમાં એમ.ડી.મેડીસીન ડોક્ટર નિયમિત મળશે.
❖ હૃદયના એટેકની સારવાર ❖ તમામ પ્રકારની ઝેરી દવાઓ (પોઈઝન),વીંછી, સર્પદંશ તથા કોઈપણ પોઈઝનને લગતી ઈમરજન્સી સારવાર ઉપલબ્ધ. ❖ ક્રીટીકલ અને આઈ.સી.યુ.ના દર્દીની સારવાર ❖ બધા પ્રકારના વા ની સારવાર ❖ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસનું નિદાન અને સારવાર ❖ ડેન્ગ્યુ, મેલેરીયા, ટાઈફોઈડ તથા તમામ પ્રકારના તાવનું નિદાન અને સારવાર. ❖ ન્યુમોનિયા, ટીબી, શ્વાસ(દમ) તથા ફેફસાના રોગોનું નિદાન અને સારવાર ❖ પેટના રોગો, ઝાડા, ઉલટી, કોલેરા વગેરે રોગોનું નિદાન અને સારવાર આધાશીશી, અનિંદ્રા, બેચેની, ચક્કર, શરીરની નબળાઈ (Weakness) ખાલી ચડવી. ❖ નસના દુ:ખાવા તથા કોરોનાનું નિદાન અને સારવાર. ❖ પેરાલીસીસ (લકવો)નું નિદાન અને સારવાર તથા બેચેની સારવાર ઉપલબ્ધ.
કિડનીના રોગો, લીવરના રોગો, થાઈરોઈડ, કમળો, સંધીવા વગેરે રોગોનું નિદાન અને સારવાર રાહત દરે ઉપલબ્ધ.
ફિઝિશિયન વિભાગ
હૃદયના રોગો | ફેફસાંના રોગો | ડાયાબિટીસ | પેરાલિસિસ | ઝેરી દવાઓ (પોઈઝન)
સોમવાર થી શનિવાર, સમય : સવારે ૦૯:૩૦ થી ૦૨,સાંજે ૦૫ થી ૦૮



ડો. વિજય મકવાણા
(M.B.B.S., M.D.Medicine)
Consultant Physician &
Cardio-Diabetologist
Critical Care & ICU Specialist
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ એન.સી.ટી. કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 9978966629

## મુસાફરોની આરામદાયક સફર માટે રાજય સરકાર દ્વારા ફાળવણી

# અરે વાહ : અમરેલીનાં એસ.ટી. વિભાગમાં ૧૯ નવી બસનું આગમન

**ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાએ નવી બસનું વિધિવત લોકાપર્ણ કર્યુ**

**બસપોર્ટમાં એકી સાથે ૧૯ નવી બસો નવોઢા જેવા શણગારમાં જોવા મળી**

**એસ.ટી.નાં ઉચ્ચ અધિકારીઓ, ભાજપનાં આગેવાનો અને મુસાફરોમાં અનેરો ઉત્સાહ**

**રાજયમંત્રીએ એસ.ટી. બસમાં સામાન્ય મુસાફરની જેમ બેસીને પ્રવાસ પણ કર્યો**






અમરેલી, તા. ૧

અમરેલી પંથકનાં મુસાફરોની આરામદાયક સફર માટે રાજય સરકારે એસ.ટી. વિભાગને ૧૯ નવી બસની ભેટ આપતાં રાજયમંત્રી કૌશિક વેકરિયા અને ભાજપા પ્રમુખ અતુલ કાનાણી દ્વારા નવી બસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આજની દોડધામભરી જીંદગીમાંઆમથીલઈનેખાસઆદમીને ખરીદી કે અન્ય સામાજિક પ્રસંગોએ મુસાફરીકર્યાવગરચાલતુંનથીઅનેઆજે સૌથી સસ્તી યાત્રા એસ.ટી. દ્વારા કરાવાતીહોયછેઅનેમોટાભાગેમુસાફરો ગરીબ કે મધ્યમવર્ગનાં મુસાફરો એસ.ટી.નીસુવિધાનોલાભમેળવતાંહોય છે અને આ મુસાફરોનાં હિતમાં રાજય સરકારે ૧૯ નવી બસો ફાળવતાં બસ પોર્ટમાં ૧૯ નવી બસોને નવોઢાની જેવો શણગારજોવામળ્યોહતો.

રાજય મંત્રીએ સામાન્ય મુસાફરોની જેમ એસ.ટી. બસમાં મુસાફરીકરતાંઅન્યમુસાફરોપણખૂશ થયા હતા. આ તકે એસ.ટી.નાં ઉચ્ચ અધિકારીઓ, ભાજપનાં કાર્યકર્તાઓ અને મુસાફરોઉપસ્થિતરહ્યાહતા.

### અમરેલીનાં એસપીની સુચનાથી

## પેરોલ ફર્લો સ્કવોર્ડે રાજકોટ જેલમાંથી પેરોલ જમ્પ કેદીને પુણેથી ઝડપી લીધો

**બાબરા પંથકમાં ગુન્હો કરતા જેલવાસ થયેલ**

અમરેલી, તા. ૧

બાબરા પોલીસ સ્ટેશનના આઈપીસી કલમ ૩૭૬(૨) અને ૩૭૬(૩), ૩૬૩, ૩૬૬ પોકસો ૭, ૪, ૮,૧૫ વિગેરે મુજબના ગુન્હામાં વીસ વર્ષ કેદની સજા થયેલ આરોપી લખનભાઈ વિક્રમભાઈ ડાવર મુળ ઈન્દોર અને હાલ પુણે (મહારાષ્ટ્ર) વાળો રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાકા કામના કેદી તરીકે સજા ભોગવતો હોય



અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગત તા. ૧૪/૭/૨૫ ના રોજ દિન-૭ના વચગાળાના જામીન પર મુકત થયેલ અને મજકુરને તા. ૧/૮/૨૫ ના રોજ જેલ ખાતે હાજર થવાનું હોય. પરંતુ હાજર ન થઈ મજકુર કેદી તા. ૧/૮/૨૫ થી ફરાર થયેલ જે કામે કેદી આજદિન સુધી ફરાર હતો.

ત્યારે અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા અમરેલી જિલ્લાના પેરોલ/ફર્લો જમ્પ થયેલ કેદીઓને પકડવા ખાસ અસરકારક કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ હતી.

જે અન્વયે પેરોલ ફર્લો ટીમ દ્વારા પેરોલ જમ્પ થયેલ કેદી લખન વિક્રમ ડાવર બાબતે સચોટ માહિતી મળેલ જે અન્વયે હ્યુમન તથા ટેકનીકલ સોર્સ મારફતે માહિતીની ખરાઈ કરી પેરોલ ફર્લો સ્કવોર્ડના પોલીસ સબ ઈન્સ. એન.જી. સાપરા તેમની ટીમ

અનુસંધાન પાના ૬ ઉપર

## બાબરાના ખંભાળામાંથી જુગાર રમતા પાંચ પત્તાપ્રેમી ઝડપાયા

અમરેલી, તા.૧

બાબરા તાલુકા ખંભાળા ગામે રહેતાં હરેશભાઈ નાનજીભાઈ ઝાપડીયા સહિત આઠ ઈસમો તા.૩૦ ના રોજ બપોરનાં ૪/૧૫ વાગ્યે ખંભાળા ગામે સીમ વિસ્તારમાં ભાવેશભાઈ ભીખાભાઈ મેરની વાડી પાસે સરકારી પડતર જમીનમા બાવળની નિચે ખુલ્લી જગ્યામા જાહેરમાં તીનપતીનો હારજીતનો જુગાર પૈસા પાના વડે રમતા રોકડા રૂપિયા ૨૦,૨૦૦ ના મુદામાલ સાથે જાહેરમાં જુગારના રમતાં ૫ આરોપી ઝડપાય જતાં તેમજ ૩ આરોપી નાસી જતા તેમની પોલીસે શોધખોળ આદરી છે.

### જાણીતા એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ

## અમરેલીનાં ટીંબલા ગામનાં આપઘાતનાં ચકચારી કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

**ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા નિર્દોષ છોડવા આદેશ**

અમરેલી, તા. ૧

અમરેલીનાં ટીંબલા ગામે થયેલ આત્મહત્યાના બનાવનાં કેસમાં એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલોનાં આધારે ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા આરોપીઓનો નિર્દોષ છોડી મુકવાનો આદેશ કરાયો છે.

આ કામનો બનાવ તા. ૯/૬/૨૦૨૧ના રોજ અમરેલી તાલુકાના ટીંબલા ગામે બનેલ હતો. જેમાં ફરીયાદી ગૌતમભાઈ બાવભાઈ જેબલીયાના નાના બહેન અસ્મીતાબેનના લગ્ન ભગીરથભાઈ ભાભલુભાઈ વાળા સાથે થયેલ હતા. લગ્ન જીવનથી તેમને બે દિકરી હતી. તા. ૮/૬/૨૦૨૧ના રોજ ફરીયાદના બહેન અસ્મીતાબેને ઝેરી દવા પી અને આપઘાત કરેલ હતો અને આપઘાત કરવાનું કારણ એવું ફરીયાદીએ એવું જણાવેલ કે તેમના ગુજરનાર બહેન અસ્મીતાબેનને તેમના પતિ ભગીરથભાઈ ભાભલુભાઈ વાળા



લગ્ન પછી તરત દારૂ પીને મારકુટ કરતા હતા અને હેરાન પરેશાન કરતા હતા તેમજ તેમના દિયર મયલુભાઈ વાળા પણ ખુબ જ ત્રાસ આપતા હતા તેમજ સાસુ રમજુબેન વાળા પણ શારિરીક, માનસીક ત્રાસ આપતા હતા અને આ ત્રાસથી ગુજરનાર અસ્મીતાબેન કંટાળી ગયેલ હતા અને માનસીક બીમાર થઈ ગયેલ હતા.

આ બાબતે ફરીયાદી તેમના કૌટુંબીક ભાઈ મહીપાલભાઈ સાથે બળધોઈ ગામેથી ખરખરો કરીને પરત આવતા હતા ત્યારે તેઓ બંને જણા ટીંબલા ગામે અસ્મીતાબેનના ઘરે ગયેલ હતા ત્યારે અસ્મીતાબેને રડતા રડતા વાત કરેલ હતી કે આ લોકો જીવતી નહી રહેવા દે તેમજ મારો પતિ દારૂ પીને જેમ ફાવે તેમ માર મારે છે અને કોઈ સરખુ જમવાનું પણ આપતા નથી અને મેણાટોણા મારી શારિરીક, માનસીક ત્રાસ આપે છે અને મરી જવા માટે મજબુર કરે છે અને તેના કારણે મને સતત મરવાના વિચારો આવે છે. જે બાબતે ફરીયાદીએ આરોપીઓને સગા સબંધીઓની હાજરીમાં ઠપકો પણ આપેલ હતો. ત્યારબાદ ગુજરનારથી આરોપીઓ તરફથી અપાતો ત્રાસ સહન નહી થતા તેઓએ ઝેરી દવા પીને આપઘાત કરેલ, ત્યારબાદ તેઓને સારવાર માટે સેપ્રથમ બગસરા દવાખાને લઈ ગયેલા ત્યાંથી અમરેલી ખાનગી હોસ્પીટલમાં લઈ ગયેલા

અનુસંધાન પાના ૬ ઉપર

શિક્ષક/શિક્ષિકા જરૂર છે.
ધોરણ - ૫ અને ધોરણ - ૬ માં અભ્યાસ કરતા મીડિયમ ગુજરાતીના બાળકને ઘરે આવી ટ્યુશન કરાવી શકે, તેવા શિક્ષકભાઈ કે શિક્ષિકાબેન નીચેના સરનામે સંપર્ક કરશો.
સુખનાથ પરા - અમરેલી - મો. 98981 36077

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ સુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)